૧૯૩૪ - 1934

અમારી મુરાદ.




સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂ. ૧-૮-૦

શ્રી જૈન યુવક સીંડીકેટનું મુખ પત્ર
તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૧ લું અંક ૧ લો
સોમવાર તા. [illegible]-૧૯૩૪

# સમાજને....પીડતી....રાસ્પુટીનશાહી.

અખિલ બ્રહ્માંડમાં 'ધર્મ' એ શબ્દ સહુથી વ્યાપક બન્યો હતો. ત્હેની ઢાલ નીચે શયતાનીયત, દગાખોરી, લુંટ, વ્યભિચાર અને હિંસાખોરી ખુબ ફુલીફાલી હતી. 'ધર્મ' રૂપ અફીણથી માણસને બેભાન બનાવી ત્હેના ઇજારદારો મનમાનતી લુંટ ચલાવતા હતા. હજુ ગઈ કાલેજ ઇતિહાસને પાને ચઢેલા સ્પેનમાં ધર્મના ઇજારદારો અજ્ઞાન માણસોને અનેક રીતે ભરમાવી ત્હેની પાસેથી અમુક રકમ પડાવી ત્હેને સ્વર્ગના પરવાના આપતા હતા, અજ્ઞોની મીલ્કત મેળવી ત્હેમના ઉપર તાગડધિંન્ના કરતા હતા, લોકોની પરલોક તરફ દ્રષ્ટિ ખેંચી, તેઓ આ લોકનો આનંદ ભોગવતા હતા. આમ વર્ષો સુધી ચાલતાં એક દિવસ સ્પેન સફાળું ઉંઘમાંથી જાગ્યું, અને એકજ ઝાટકે આ ધર્મના ઇજારદારોની ઇંદ્રજાળ તોડી ત્હેને પહેરેલ લુગડે દેશપાર કર્યા. આજે એ સ્વર્ગના ઇજારદારો સ્વર્ગની ટીકીટ ખરીદવા માટે સ્પેનના સીમાડા ઉપર ઉભા રહી ઈશ્વરની પ્રાર્થના કરી રહ્યા છે. પરંતુ હજુ ઈશ્વરે સાંભળ્યું હોય તેમ જણાતું નથી.

બે દાયકા પહેલાંનો રૂશીયાનો ઇતિહાસ પણ તેવોજ કરૂણાજનક છે. એ સમયમાં સમગ્ર રૂશીયામાં રાસ્પુટીનની સત્તા ચાલતી. ત્હેની લાલ આંખથી અનેક માણસોનાં માથાં ધડથી જુદાં થતાં, ત્હેની કૃપા-દ્રષ્ટિથી અનેક માણસો અમીરાત ભોગવતાં, ટુંકમાં તે વખતે રાસ્પુટીનનું વાકય એટલે ઈશ્વર વાકય તરીકે મનાતું. ખુદ ઝાર પણ ત્હેના વાકયને ઉથલાવવાની કદિ હામ ભિડી શકતો નહિ; એટલે રાસ્પુટીનની સ્વચ્છંદતા દિન પ્રતિદિન વધવા લાગી. ઈશ્વરના પ્રતિનિધિ તરિકે જાહેર થઈ અનેક કુમારિકાઓનું કૌમાર્ય-વ્રત લુંટયું. છેક રાજકુમારિકાઓને પણ પોતાની લાલસાની ગુલામ બનાવી. આમ મોજમજાહ લુંટતા રાસ્પુટીનનો અંતકાળ નજદિક આવ્યો અને રાજકુમારના હાથે ઠાર થતાં ત્હેનું મુડદું નદીનાં પાણીમાં તણાયું. રશીયા ધર્મ ગુરૂઓના ત્રાસથી મુકત બન્યું, ત્યારથી ત્હેની પ્રગતિ દિનપ્રતિદિન વધતીજ રહી છે. આજે ત્હેનું સ્થાન દુનિયાની સમગ્ર સત્તાઓમાં મોખરે છે. આર્યાવર્તમાં પણ આજ સ્થિતિ છે. ત્હેના સાત લાખ ગામડામાં કોઈ એવું ગામ નહિ હોય કે જ્યાં સમાજને પૈસે તાગડધિન્ના કરનાર ધર્મના ઇજારદારો નહિં હોય, બહોંતેર લાખ બાવાઓ આવા આર્થિક બેહાલીના સમયમાં પારકે પૈસે પરમાનંદ કરી રહ્યા છે.

જૈન સમાજ પણ ત્હેનાથી વિમુક્ત નથી. પ્રભુ મહાવીરના નામે કરોડો રૂપીઆ મ્હેલાતો અને મંદિરો બાંધવા પાછળ ખરચાઈ રહ્યા છે. જ્યારે સમાજ આર્થિક જંજાળાતમાં સપડાયો છે, બેકારી અને શારીરિક અસ્વસ્થતા ત્હેને પીડી રહી છે, ત્યારે આ ધર્મગુરૂઓ ઉપધાન, ઉજમણાં, નવાં મંદિરો અને પુસ્તક ખાતાને નામે ભદ્રિક લોકો પાસેથી લાખો રૂપિયા પડાવી ત્હેનો મનમાનતો ઉપયોગ કરી રહ્યા છે. આ વીના જલદી અટકાવી શકાય ત્હેમ નથી. યુવકોએ આ સમાજને પીડતી રાસ્પુટીનશાહીનો નાશ કર્યેજ છુટકો છે. સમાજના યુવકોએ આજે ત્હેની સામે પડકાર કર્યો છે, ત્હેની સત્તાના અંકોડા ધીમે ધીમે એર હામ ભીડી છે. જેમ જેમ લોકોની દ્રષ્ટિ પરલોક તરફથી ખસી આ લોક તરફ ચોંટતી જાય આ ધાર્મિક ગુંડાશાહીનો નાશ નજદિકને નજદિક આવતો જાય છે.

**पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।**
**सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥**

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડા થનાર બુદ્ધિવાન મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર. )

# તરૂણ જૈન.

સોમવાર તા૦ ૧-૧-૩૪

## નૂતન વર્ષના પ્રભાતે.—

### અમારી મુરાદ.

સમસ્ત વિશ્વમાં આજે ક્રાન્તિનાં આંદોલનો ફેલાઇ રહ્યાં છે, ડગલે અને પગલે ત્હેનું વ્યાપક રૂપ થતું જાય છે, અને જેમ જેમ ત્હેની વ્યાપકતા વધતી જાય છે ત્હેમ ત્હેમ જુનવાણીનો નાશ નજદીક બહુ નજદીક આવતો જાય છે, અને તે ઇચ્છનીય છે કારણ કે ભૂતકાળના આચારો, વિચારો, વિધિ-વિધાનો કે ક્રિયાઓ વર્તમાનકાળને બંધ બેસતી ન હોય તો ત્હેનો નાશ કર્યેજ છૂટકો છે. આજનો ઇતિહાસ બતાવી રહ્યો છે કે જગતની પ્રગતિને આડે જો કોઇપણ બાબત નડતી હોય તો તે **જુનવાણીજ** છે. એટલે ત્હેનો સંપૂર્ણ નાશ કર્યા પછીજ જગત અને આપણે પ્રગતિના પંથે પડીશું.

આપણા સમાજમાં પણ દિન પ્રતિદિન એ જુનવાણી ભયંકર સ્વરૂપ પકડતી જાય છે, **શ્રીમંતશાહી** અને **સાધુશાહી** ના રૂપમાં એ પોતાનું તાંડવ નૃત્ય ખેલ્યેજ જાય છે, વર્ષોથી આપણો સમાજ આ ક્રૂર રાક્ષસોની સીતમ ચક્કીમાં પીસા-યાજ કરે છે, અજ્ઞાન જનસમુદાય ઉપર તેઓ પોતાનું સામ્રાજ્ય ધર્મના નામે ચલાવ્યાજ કરે છે. ઉપરોક્ત રાક્ષસોએ પોતાની સત્તાના સિંહાસનો કાયમ ટકાવવા માટે ધર્મ, સમાજ અને સાહિત્યને એટલું વિકૃત બનાવી દીધું છે, કે ત્હેની આગળ જૈન શબ્દ મૂકવો એ કુદરતનો મોટામાં મોટો અપરાધ કરવા જેવું છે. આ સ્થિતિ જરાયે ચલાવી લેવાય તેમ નથી. આ બાબત જ્યાં સુધી આમવર્ગ પાસે ન મૂકાય ત્યાં સુધી આ રાક્ષસોને દૂર કરવાના કોઇ સંજોગો નથી, એટલે પ્રચાર કાર્ય સિવાય તે બનવું અશક્ય છે; એ કામ યુવકોને ફાળે જાય છે, યુવકો ઉપર સમાજની મોટી આશા છે, કારણ કે વૃધ્ધો ધાર્મિક, સામાજિક અને આર્થિક આંધીમાં સપડાયા હોઇ સમયને ઓળખી આગળ ધપી શકે તેમ નથી. દુનિયાના દરેક સમાજો, રાષ્ટ્રો અને ધર્મની પ્રગતિ તે તે સમાજના, રાષ્ટ્રના અને ધર્મના યુવાનોથીજ થઇ રહી છે. યુવાની વ્યાપક જાય છે, તેમાં પ્રાણ છે, આત્મભોગ આપવાની તમન્ના પહોંચવાની મુરાદ છે. યુવાન એ શબ્દ કેટલો નિરુત્સાહીમાં પ્રાણ પૂરે છે ! સ્વયં ગાંધીજી મહાપુરૂષો કે જેઓ જીવન સંધ્યાના આરે પહોંચવાની તૈયારી કરી રહ્યા છે. તેઓ પણ પોતાને યુવાન તરીકે ઓળખાવવાનું ગૌરવ લઇ રહ્યા છે; આ યુવાનીનું મહત્વ આપણા સમાજના તરૂણો સમજશે કે ?

આ બધી બાબતોનો વિચાર કરીનેજ તરૂણ જૈન અસ્તિત્વમાં આવ્યું છે. ત્હેનો ઉદ્દેશ આ રાક્ષસોના નાશ ઉપરાંત સમાજના સળગતા પ્રશ્નો ચર્ચવાનો છે. આજનું બંધારણ બીન ઉપયોગી છે, તે નવેસરથી રચાય તે માટેના પ્રચારકાર્યની પણ અમને ઉમેદ છે. તદુપરાંત 'સાધુ સંમેલન'ની પણ ખૂબ બાંગ પુકારાઇ રહી છે. જો કે આ બાબત બનવી અમને તો કષ્ટસાધ્ય લાગે છે છતાં એ બાબત બને તો યુવકોના સ્પષ્ટ સિધ્ધાંતો ત્હેની સ્હામે મૂકવા એક પેપરની પણ આવશ્યકતા હતી, 'તરૂણ જૈન' એ આવશ્યકતા પૂરી પાડશે.

આપણામાં એક કહેવત કે 'બોલે ત્હેનાં બોર વેચાય' તેમ યુવકોએ પોતાની પ્રવૃત્તિ આગળ ધપાવવી હોય તો ત્હેને લોકમત કેળવવો જોઇએ, તે માટે સ્વાભાવિક રીતે એક પત્રની જરૂરત ઉભી થાય છે. આ બાબત માટે 'તરૂણ જૈન'ના કોલમો હમેશાં ખુલ્લાં રહેશે.

આપણો સમાજ એ એક એવો સમાજ છે કે વીસમી સદીના પ્રગતિકારક યુગથી ઘણોજ પછાત છે, અનેક નિરર્થક ચર્ચાઓ અને આંતરિક કલહોથી તેનું હાર્દ સડી ગયેલું છે. ખૂબ મતભેદ, આપસમાં ઇર્ષા અને દ્વેષથી પક્ષભેદનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, રૂઢિચુસ્તતાની જંજીરમાં સપડાયેલો ટુંકી દ્રષ્ટિવાળો સમાજનો અમુક વર્ગ યુગ પ્રવાહથી તદ્દન વિમુખ ચાલી રહ્યો છે, અને તેમ કરી નિરર્થક સમય તેમજ પૈસાની બરબાદી કરી પોતાનો હ્રાસ કરી રહયો છે. અને તેમ કરી સારીયે આલમમાં સમાજ, ધર્મ અને સાહિત્યને નિંદનીય સ્થાને મૂકી રહયો છે. પ્રભુ મહાવીરની વિશ્વ બન્ધુત્વની દિવ્ય ભાવના તેમજ તેમના જગત વ્યાપક સુંદર સિધ્ધાંતોને કચડી રહયો છે. યુવકો માટે આ બીના અસહ્ય છે. તેણે તેની સામે ખૂબ આંદોલનો ઉભાં કર્યાં છે, છતાં હજુ પણ તે માટે પ્રયત્ન કરવાની જરૂર છે. છેલ્લી જૈન યુવક પરિષદ પછી યુવક પ્રવૃત્તિમાં ખૂબ ઓટ આવી છે. જો કે ભરતી ને ઓટ એ કુદરતનો અટલ નિયમ છે, પણ આ નિષ્ક્રિયતા હવે લાંબો વખત ચલાવી લેવી જોઇતી નથી. જ્યારે દરેક સમાજો પ્રગતિને પંથે પડી રહયા હોય, ત્યારે આપણા યુવ-કોનું મૌન કોઇપણ રીતે ઉચિત નથી, આપણે પણ કર્તવ્ય પંથે પડવાને કટિબધ્ધ થવું જોઇએ. 'તરૂણ જૈન' તે માટે માર્ગ દર્શન કરાવશે.

આપણે ત્યાં અનેક મંડળો છે, ફંડો છે, શાળાઓ છે, તેમાં ખૂબ સુધારણાને અવકાશ છે. એટલે 'તરૂણ જૈન' હમેશાં નિડરતાથી ત્હેના ગુણદોષમાં ઉતરશે. આમ અનેક દ્રષ્ટિબિન્દુથી 'તરૂણ જૈન' અસ્તિત્વમાં આવ્યું છે.

'તરૂણ જૈન'ના પહેલા પેજ ઉપર જે ચિત્ર આપવામાં આવ્યું છે તેમાં ઉપરોક્ત બાબતો સમાવવામાં આવી છે. સમાજ અને ભાવી પ્રજા, જુના ધર્માધ્યક્ષો અને પટેલીઆ-ઓના જુલમ અને બંધનમાં છે. 'તરૂણ જૈન' તેના બંધનો તોડી તેને પ્રગતિના માર્ગે વાળશે, બાળસૂર્ય તરૂણ વયનું સૂચન છે. આધુનિક નગરનો દેખાવ નવા યુગનું સૂચન છે.

# પ્રગતિના શિખરેથી

## મુનિ સંમેલન :—

આપણા સમાજમાં વર્ષોથી અનેક નિરર્થક ચર્ચાઓ ચાલે છે, એ ચર્ચાઓએ વર્ગભેદ ઉભા કર્યા, વર્ગભેદે દ્વેષ કેળવ્યો, અને દ્વેષે આજે સમસ્ત જૈન સમાજની છિન્નભિન્ન સ્થિતિ કરી મૂકી છે. આ બધી બાબતોના મૂળમાં સાધુઓ છે. શાસ્ત્રોને નામે તેઓએ ખૂબ મતભેદો જગાડયા છે, ખુદ તેઓમાં પણ સમવિચાર નથી અને સૌ કોઇ પોતાના કર્તવ્યના બચાવ માટે શાસ્ત્રોની આડ ધરે છે, શ્રાવકોને એ શાસ્ત્રો જોવાની સત્તા નથી, એટલે ત્હેની અજ્ઞાનતાનો લાભ લઇ સમાજની સત્તા સાધુઓએ હાથ કરી, ત્હેમાં પણ ઇર્ષ્યા અને હરીફાઇ જાગી, અમુક સાધુની કીર્તિ જોઇ પોતાને તેનાથી વધારે મહાન કહેવડાવવાને ખાતર અંગત બાબતોમાં ઉતરી પડ્યા, સેંકડોના વર્તુલો તૈયાર કર્યાં અને બિભત્સ તેમજ ગંદુ સાહિત્ય અસ્તિત્વમાં આવ્યું; ખુદ ઘરમાંજ આગ લાગી. એક ગુરૂના દશ શિષ્યો હોય તેમાંથી પણ એકબનો નાશ થયો. આમ દરેક રીતે સાધુતામાં સમાજ નિષ્ફળ નિવડ્યો ત્યારે સમાજનો અમુક સમજુ વર્ગ ભૂતકાળને દષ્ટિ સમક્ષ રાખી મુનિ સંમેલન ભરાય એમ ઇચ્છવા લાગ્યો, તે માટે અનેક પ્રયત્નો કરવામાં આવ્યા, પરંતુ જ્યાં સુધી હૃદયની મલીનતા હોય ત્યાં સુધી તેમાં સફળતા કદિ મળેજ નહિ, આમ દરેક પ્રયત્નો નિષ્ફળ નિવડ્યા એટલામાં સ્થા. જૈન મુનિ સંમેલન અજમેરમાં ભરાયું, તેઓએ સમયાનુસાર પોતાના કાયદા કાનૂનો ઘડ્યા; જ્યાં જ્યાં મતભેદો હતા, ત્યાં ત્યાં જુદી જુદી કમિટિઓ દ્વારા ત્હેનો નિકાલ કરવા લાગ્યા અને ઘણાખરા મતભેદોને દૂર કરી સાધુ સંમેલનને લગભગ સફળ બનાવ્યું. એ પ્રસંગનો લાભ લઇ સ્થા. કોન્ફરન્સનું અધિવેશન પણ ત્યાંજ ભરાયું અને સમાજનું મજબૂત બંધારણ બનાવ્યું. આ બંધારણની સત્તા નીચે સાધુઓને આણવા, ત્યારેજ સાધુઓ ઠેકાણે આવ્યા. આજે ત્હેના પ્રમુખ તે બંધારણના અમલ માટે ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. આ સ્થિતિથી આપણા સમાજમાં પ્રેરણા મળી, મુનિ સંમેલન માટે ફરી ફરી પ્રયત્નો કરવામાં આવ્યા અને ત્હેમાં સફળતા સાંપડી હોય તેમ કસ્તુરભાઇ મણીભાઇના 'મૂર્તિપૂજક જૈન સંઘોને વિનંતિ' નામના જાહેર નિવેદનથી જણાય છે. આ પ્રયાસ સ્તુત્ય છે, પરંતુ ત્હેને સફળ બનાવવા માટે પહેલાં અનેક મતભેદોનો નિકાલ લાવવો પડશે. દાખલા તરીકે જે જે સાધુઓએ સંઘની મર્યાદાનો ભંગ કર્યો છે ત્હેને મુનિ સંમેલનમાં આમંત્રણ આપી શકાય કે નહિ? મુનિ સંમેલન પહેલાં આ પ્રશ્નનો ઉકેલ લાવવો જરૂરી છે, કારણકે કેટલાક સાધુઓને પાટણ અને જામનગરના સંઘોએ જૈન સાધુ તરીકે નહિ માનવાનો પોતાનો અભિપ્રાય જાહેર કર્યો છે. આ બાબત જો અમદાવાદનો સંઘ લક્ષ્યમાં ન લે, તો સંઘ સંઘમાં અથડામણ ઉભી થશે. જામનગરના સંઘની આમન્યા અમદાવાદનો સંઘ આજે તોડશે તો આવતી કાલે જામનગરનો સંઘ અમદાવાદના સંઘની આમન્યા તોડશે, પાટણ તો મક્કમ ઉભુંજ છે. આમ થવાથી એક બીજા સંઘોની આમન્યાઓ તૂટશે, નિરર્થક વિખવાદ ઉભો થશે, અત્યાર સુધીની અમદાવાદના સંઘની સર્વોપરિતા ઉપર ઝાંખપ લાગશે. એટલે અમદાવાદના સંઘને જો મુનિ સંમેલન સફળ બનાવવું હોય તો જે જે સાધુઓને જે જે સંઘોએ સંઘ બહાર કર્યાં છે, તે તે સંઘોની તે તે સાધુઓ પાસે માફી મંગાવે અથવા તો સંઘ અને સાધુ વચ્ચેના વિખવાદને દૂર કરી સંઘોના ઠરાવો પાછા ખેંચી લેવરાવે. કદાચ ઘડીભર એમ માની લઇએ કે મુનિ સંમેલન ઠરાવો કરવામાં સફળતા મેળવે તો એ ઠરાવોને અમલમાં મુકવા માટે સંઘ સત્તાની સર્વોપરિતા સ્વીકરાવવાની અનિવાર્ય આવશ્યકતા છે. જો સંઘ સત્તાની અવગણના કરવામાં આવે તો મુનિ સંમેલનનો કશો અર્થ નથી. એટલે મુનિસંમેલન સફળ ત્યારેજ થઇ શકે કે જે નિશ્ચયો તે કરે તેને અમલી કાર્યમાં મુકવા ત્હેની પાછળ કોઇ જબરજસ્ત સત્તાનું પીઠબળ હોય. આપણે વ્યવસ્થિત બની જો ત્હેની પાછળ પીઠબળ ઉભું કરીએ તોજ તે સંમેલન સફળ થાય, અન્યથા ત્હેની સફળતા ઉપર અમને જરાયે વિશ્વાસ નથી. અમને આશા છે કે મુનિ સંમેલનને નોતરનારાઓ ત્હેની શક્યતા તેમજ સફળતાની વિચારણા કરીનેજ આગળ પગલું ભરશે કે જેથી બીજો કશો ઉત્પાત ન મચે.

## યુવક પ્રવૃત્તિ

જગતમાં જ્યારે યુવક પ્રવૃત્તિનાં પૂર ફરી વળ્યાં છે, નવચેતન અને પ્રાણનો સંચાર થઇ રહ્યો છે, ત્યારે દિન પ્રતિદિન આપણામાં નિષ્ક્રિયતા આવી રહી છે. જ્યારે ચોમેર દાવાનળ સળગી રહ્યો હોય, જ્યારે આપણા નાશની નોબતો વાગી રહી હોય, ત્યારે આપણાથી ચૂપ કેમ બેસી શકાય તે સમજમાં આવતું નથી. આજે આપણી પ્રવૃત્તિમાં ખૂબ ઓટ આવી છે, આજે આપણી પાસે રચનાત્મક કોઇ જાતનો કાર્યક્રમ નથી. એ બાબત યુવકો માટે શરમાવનારી છે. સને ૧૯૩૧ ની યુવક પરિષદનો ઉત્સાહ આજે લગભગ મંદ થઇ ગયો છે. તે ઉત્સાહ કેમ મંદ થયો ત્હેની વિગતોમાં ન ઉતરતાં અત્યારે તો માત્ર એટલીજ સૂચના આપવી બસ થશે કે જે સંજોગોમાં એ પરિષદનું કાર્ય પડી ભાંગ્યું હતું, એ સંજોગો પલટાયા છે. તેના પ્રમુખ જેલમાંથી બહાર આવ્યા છે. ત્હેની વર્કીંગ કમિટિના સભ્યો અને મંત્રીઓ બધા છૂટા છે. તેઓ જો પોતાની જવાબદારી સમજે અને કોઇ પણ જાતની, પરિષદના ધ્યેયને અનુસરીને પ્રવૃત્તિ હાથ ધરે તો યુવકોમાં કંઇક ઉત્સાહ પ્રગટે એમ અમે પ્રમાણિકપણે માનીએ છીએ. સમાજમાં આજે કાર્ય કરવાનાં અનેક ક્ષેત્રો અસ્તિત્વમાં આવ્યાં છે, તેમાનાં અમુક ક્ષેત્રો પસંદ કરી યુવક પરિષદની વર્કીંગ કમિટિ ઘણું ઘણું કરી શકે તેમ છે. ત્હેનામાં શક્તિ છે, તે શક્તિનો સદુપયોગ કરે એમ ઇચ્છવું અસ્થાને તો નથીજ. ત્યાર પછી યુવક પ્રવૃત્તિને વેગ આપવા ત્હેનું સંગઠન સાધવા યુવક પ્રતિનિધિનું એક સંમેલન વડોદરામાં ભરાયું અને જૈન યુવક મહામંડળ અસ્તિત્વમાં આવ્યું. ત્હેના બંધારણ માટે એક કમિટિ અને સેક્રેટરીઓની નિમણુંક કરવામાં આવી. ત્હેમાં લગભગ ચૌદેક મંડળો જોડાયાં. એ મંડળે કેટલી પ્રગતિ કરી તે જાણવામાં આવ્યું નથી. જો કે ત્હેના મંત્રીઓ ઉત્સાહી ... સેવાભાવી છે, છતાં જ્યાં સુધી કંઇ કાર્ય હાથ ધરવામાં ન આવે ત્યાં સુધી જનતાની દષ્ટિએ ત્હેની કશી કિંમત નથી, એ બાબત કાર્યકર્તાઓ લક્ષ્યમાં લે એમ અમે ઇચ્છીએ છીએ.

# પુરાતનવાદ નીચે સુરંગ ગોઠવો

—અમીચંદ

[ જ્ઞાતિ અને ગોળના વતુંળોમાં વર્તમાન જૈન જગતમાં થવા જોઇતા ફેરફારોને લગતો શ્રી. અમીચંદ શાહનો નીચેનો અભ્યાસ પૂર્ણ લેખ જૈન આલમના યુવાનો વાંચે, વિચારે અને લેખનો ધ્વનિ અંતરની પ્રેરણા સાથે ઝીલવા યત્ન કરે. —તંત્રી. ]

જગતની સપાટીપરના સર્વ ધર્મોમાં જૈન ધર્મ જ્ઞાતિ વાદને પોષનારો નથી પણ તેનો કટ્ટર વિરોધી છે એમ કહીએ તો લગારે ખોટું નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રમાંથી કોઇપણ એ ધર્મ સ્વીકારી શકે છે અને જૈન સમાજમાં ભળી શકે છે. એટલે જૈન સમાજમાં ઉંચ, નીચ, દશા, વિશા ઓસવાળ, પોરવાળ ને શ્રીમાળી જેવા વાડાઓને સ્થાનજ નથી. છતાં અન્ય સમાજની દેખાદેખીથી અથવા અન્ય કારણોવસાત ભૂતકાળમાં જ્ઞાતીના વાડા બંધાયા. ત્યારનો હેતુ ગમે તેટલો લાભદાયી હોય પરંતુ આજ કાલ તે બંધનો પડતીના પંથે લઇ જઇ પ્રગતિને રૂંધનારાં નિવડયાં છે, એટલે તે બંધનોને તોડી દરેકે મુક્તિ મેળવવીજ જોઇએ.

જ્ઞાતિ બંધનોના અનિષ્ટ પરિણામોથી તેને છેદવાનું કહેવામાં આવે છે ત્યારે તેના રખેવાળ સૂત્રધારો અને લાગતા વળગતાઓ દલીલ કરે છે કે "ઘરડા ગાંડા નહોતા, નાત તો જંગ છે એને ભાંગે તેનું ઘર ભાંગે" આવી વાયડી વાતો કરી ભોળી જનતાને ઊંધે ભણાવનારા સાચી વાત છુપાવે છે, અથવા ચડતી પડતીનો વિચાર કરવાની બુદ્ધિ ગિરો મૂકી છે. નહિ તો એમની નજર આગળ બધું તુટતું જાય છે, ઉંચનીચના ભેદ વધતા જાય છે, વસ્તી ઘટતી જાય છે. એકંદરે દરેક પ્રકારે પડતી દેખાય છે, છતાં એ સત્તાના શોખીનો એની સરી જતી સત્તાના બચાવ અર્થે આવાં સુત્રાખાનો ઉડાડી પડતા ઉપર પાટુ મારવા જેવી શેખી કરે છે. છતાં સત્તાના મદમાં ગળે ન ઉતરે તો એમનીજ જ્ઞાતિનું પચ્ચીસ વર્ષથી આજ સુધીનું વસ્તી પત્રક જોઇ વાળે અને વસ્તી ઘટી હોય તો એના કારણ તપાસી વાડાના મોહ છોડી સમાજ ઉન્નતિના કાર્યમાં સાથ દે.

જ્ઞાતિ બંધારણો અને રૂઢિ રક્ષકોના ત્રાસથી સમાજની કેટલી પીછે હઠ થઇ છે તે જોઇએ.

જેઓ લગ્ન કરવાને નાલાયક છે એટલે વૃધ્ધ કે ક્ષુદ્રવલ છે, રોગી છે, તેઓ પૈસાના જોરે કે લાગવગથી એક ગભરૂ બાળા સાથે લગ્ન કરી તેની જીંદગી બરબાદ કરી શકે છે, ઢીંગલાઢીંગલી જેવાં નાનાં બાળકોને પરણાવી શકે છે, આબરૂના ઓઠાં નીચે પારણામાં ઝુલતાં દુધમલ બાળકોના વેવિશાળ થઇ શકે છે, બાળવિધવાને લગ્ન કરવાની પરવાનગી આપવાના નનૈયા ભણાય છે, ત્રણ ચાર વાર વરરાજા બની ચાર પાંચ બાળકના પિતા બનેલા ચોથી પાંચમીવાર વરરાજા બની શકે છે, મેજર જેવી દિવાલો ઉભી કરીને અનેક ઘરોને તાળાં મારવા જેવી સ્થિતિ ઉભી કરી શકે છે. આ વસ્તી ઘટવાનાં મુખ્ય કારણો છતાં એની રૂકાવટ બાદલે આબરૂ લહાવા અને સત્તાના ગુમાબ નીચે સમાજવિનાશક તત્વોને પંપાળવામાં આવે છે.

.નાતિ બંધારણથી તેના વાડા બહાર દિકરી આપી શકાતી નથી, છતાં કેળવણી પ્રગતિનું કારણ લાગવાથી તેની પુત્રીને વાલી ભણાવે છે. પણ તેની ન્યાતમાં નજર કરતાં જ્યારે આગળ ભણેલા છોકરાઓનો અભાવ જુએ છે ત્યારે પોતાની દિકરીને જ્ઞાનની પરબનું પાન કરવી રોકી દે છે, કારણ કે જ્ઞાતિ બંધના નિયમો અને રૂઢિ જુલ્મોએ એને એવો ડરપોક બનાવી દીધો છે કે એ સુરંગ મૂકતાં મુંઝાય છે. જ્યારે કોઇ દિકરીના ભોગે દિકરા પરણાવવા માગે છે, એટલે એ બિચારા ભાવિનો વિચાર કર્યા સિવાય દિકરીનો અભ્યાસ ટુંકાવી નાખે છે. આ બધાનું મુખ્ય કારણ, જ્ઞાતિબંધારણની સંકુચીત મનોદશા અને જુલ્મી કાયદાઓ છે, તેણે કન્યા કેળવણી રૂંધી છે, એમ કહેવું પડશે. જે સમાજ કન્યા કેળવણીમાં એકદમ પછાત હોય તે ગમે તેવી મહેચ્છાઓ સેવે છતાં એ મહેચ્છાઓ આકાશ કુસુમવત્ જેવીજ નિવડે.

જ્ઞાતિ ભેદના વિચારોએ, અમે મોટા ને 'બીજા' ન્હાના ના ભેદભાવો ખડા કર્યા છે; તેમ સાળવી, સાંડેસરા, ભાવસાર, પાટીદાર, વિગેરે સુરત જૈનો સાથે બેસીને જમતાં વટલાઇ જવાનું તુત ઉભું કર્યું છે. આથીજ ઉંચ નીચના ભેદભાવ પેદા કરી મતભેદ અને વેરવિરોધ વધારી પોતેજ પોતાના પગપર કુહાડો મારી પોતાનો પાયો તોડી પાડવા જેવું કર્યું છે. જે સમાજમાં 'સવિ જીવ કરૂં શાસનરસી' જેવી ઉંચ ભાવના છે તે સમાજને જ્ઞાતિ બંધારણ જેવા રૂઢિ રિવાજે સમાજના ચૈતન્યને હણી નાંખ્યું છે, શક્તિનો ઉચ્છેદ કરી નાંખ્યો છે, નાશ કર્યો છે.

હાલના જ્ઞાતિ બંધારણો અને તેના નિયમો જોઇશું તો મુખ્યત્વે મેજર લેવાના, તેજ વાડામાં કન્યા લેવડ દેવડના, સગપણ અને લગ્ન અંગે આપલેના, જમણને લગતા, મરણ અંગે જમવા જમાડવા, વિગેરે હાનિકારક નિયમો સિવાય ભાગ્યેજ કોઇ જ્ઞાતિમાં કેળવણીને ઉત્તેજન આપનારા, સાદાઇ, સંયમ, રાષ્ટ્રભાવનાને ખીલવનારા, બાળ સગપણ, બાળ લગ્ન, વૃધ્ધ વિવાહ, એક ઉપર બીજી કરવાના વગેરે કુરિવાજોને રોકનારા, નિયમો બાંધ્યા હોય; આ રીતે જ્ઞાતિ બંધારણથી બધી નુકશાનીનો હિસાબ મૂકતાં નફામાં મીંડુ અને નુકશાનનો પાર નહિ.

આ ઉપરથી સમજી શક્યા હશો કે હાલના જ્ઞાતિ બંધારણો, તડોને ગોળોના વાડાઓ સમાજને વિનાશના પંથે ધસડી રહ્યાં છે. તેમાંથી સમાજનું રક્ષણ કરવા સંયમ અને અભ્યાસી લોકમત કેળવી એ તંત્રને સુધારવા પ્રયત્ન કર્યેજ છુટકો છે. કદાચ એ તંત્ર નજ સુધરે તો એના કહેવાતા કાયદા કાનુનો, જીર્ણ બનેલ રીતરિવાજો અને રાક્ષસી રૂઢિઓની દિવાલોને જમીનદોસ્ત કરવા સુરંગો ગોઠવવી જોઇએ, સાથે એક છત્ર નીચે સમાજને એકત્ર કરવા વિશાળ અને પ્રગતિકારક બંધારણ નીચે સંગઠનની મહેનત કરો.

જ્ઞાતિરૂપી વાડાના રખેવાળો માટે બેજ રસ્તા છે. ક્યાંતો વર્તમાનકાળને અનુકૂળ એવો વિશાળ સમાજ રચવામાં જ્ઞાતિઓને સાધનભૂત બનાવે યા તો જ્ઞાતિ તંત્રનો વિનાશ થવા દે.

વિશાળ અને પ્રગતિકારક બંધારણ ઉપર હવે પછી.

# જંગલમાં મંગળ અને રાજા ચહાય સો કરે !

—પરમાણંદ

[ શ્રીયુત પરમાણંદ કાપડીયાથી જૈનસમાજ ખૂબ પરિચીત છે, વિચારક તરીકે સારાયે જૈનસમાજમાં તેમનું સ્થાન મોખરે છે. અનેક વખતે તેમણે નૂતન વિચાર સરણી રજુ કરી ક્રાંતિનાં આંદોલનોને અસ્તિત્વમાં આણ્યાં છે. આ લેખમાં તેઓશ્રીએ, નવાં મંદિરો અને મૂર્તિઓ પાછળ જે લાખો રૂપીયાનો અખલુંટ નિરર્થક ખર્ચ કરવામાં આવે છે. તે આધુનિક પરિસ્થિતિમાં કેટલો બધો પ્રતિકૂળ છે, એ મંતવ્યને સૂચવતા પોતાના સ્પષ્ટ વિચારો રજુ કર્યા છે. —'તંત્રી.']

શ્રી શત્રુંજય તીર્થની બાર ગાઉની પ્રદક્ષિણાએ જતાં શેત્રુંજી નદી ઓળંગ્યા બાદ બોદાનેનેસ નામનું એક ગામડું આવે છે. તેની બાજુએ એક નાની સરખી સૂકી ઝાડપાન વિનાની નિશંકુ ઘાટની ટેકરી છે, તેને કદંબગિરિના નામથી ઓળખવામાં આવે છે. તે ટેકરી ઉપર એક નાની સરખી દેરી છે. બાર ગાઉની પ્રદક્ષિણાએ જનાર યાત્રાળુઓ કદંબગિરિ અને આગળ ચાલતાં હસ્તગિરિ એ બન્ને સ્થળની યાત્રા કર્યા વિના રહેતા નથી. જેમ મોટા ગ્રહ સાથે નાનાં ઉપગ્રહો જોડાયલા હોય છે તેમ શ્રી શત્રુંજય તીર્થનાં આ બે ઉપતીર્થો છે. કદંબગિરિની તળેટીમાં આવેલ બોદાનેનેસ ગામ ભાવનગર અને પાલીતાણાની સરહદ ઉપર આવેલ હોવાથી ચોર લુટારૂને ભરાઇ બેસવા માટે એક ઠીક સગવડ પડતું સ્થાન ગણાય છે. આ ગામની આસપાસનો પ્રદેશ તદ્દન વેરાન છે, ઉનાળામાં અહિં પાણીની સારી રીતે ખેંચ રહે છે. આ ગામથી રેલ્વે લાઇન લગભગ પચ્ચીસથી ત્રીસેક માઇલ દૂર છે. તેથી બહારની દુનિયાનો અહીં બહુજ ઓછો અવર જવર રહે છે.

આવા નિર્જન, નિર્જલ અને નિર્જળ પ્રદેશનું ભાગ્ય એક દિવસ ઉઘડ્યું અને અનેક શિષ્યચક્રેશ્વર શ્રી વિજય નેમિસૂરિને આ સ્થળ ઉપર ભવ્ય દેવાલયો બાંધવાનો અને એ રીતે કોઇ રસ્તે ચાલ્યા જતા સાધારણ સાધુને એકાએક આચાર્ય બનાવી દેવામાં આવે તેવી રીતે કદંબગિરિને કલિકાળનું એક મહાતીર્થ બનાવી દેવાનો મનોરથ ઉપજ્યો. દર્શને આવતા શ્રીમાન શ્રાવક શ્રાવિકાઓ પાસે બસ એકજ વાત મુકવામાં આવતી કે કદંબગિરિમાં બાવન જિનાલય કરવું છે, અને તેમાં તમો શું ફાળો આપો છો ? પરિણામે કદંબગિરિના ખોળામાં આજે એક ભવ્ય બાવન જિનાલયની ધજાઓ ફરકી રહી છે અને તેના ધ્વજ દંડ ઉપરની ટેકરીઓ આચાર્યશ્રીનો મહિમા ગાઇ રહી છે. આ જિનાલય અને તેને લગતી અંજનશલાકા અને પ્રતિષ્ઠામાં આશરે આંકડાજાણુથી ચાર લાખ રૂપિયાનો શ્રાવક સમુદાયને ખર્ચ થયો હશે એમ માનવામાં આવે છે. કદંબગિરિના તીર્થોદ્ધારનું પ્રકરણ હજુ એથી પણ મોટી રકમ બીજાં મંદિરો બંધાવવા પાછળ અને તેને લગતી પ્રતિષ્ઠા મહોત્સવો પાછળ ખરચવાની યોજનાનો ફાળો ચાલુજ છે અને તે ફાળાની ઝોળીમાં દ્રવ્યની ભરતી ભરાઇ રહી છે.

આમ જંગલમાં મંગળ ઉભું કરવાની સત્તા સર્વ સાધુઓમાં માત્ર શ્રી વિજયનેમિસૂરિનેજ વરી છે. પાનસર ગામ પાસે એક બહુ સુન્દર મૂર્તિ ખોદકામ કરતાં નીકળી આવી છે એવી ખબર આવી. મહારાજજીએ ઉદ્‌ઘોષણા કરી કે ત્યાં એક મોટું મંદિર અને ધર્મશાળા ઉભાં થવાં જોઇએ અને બે કે ત્રણ વર્ષમાં તે પ્રદેશની રોનક ફરી જાય છે. શેરીસામાં મૂર્તિ પ્રગટ થઇ અને મહારાજજીએ આદેશ કર્યો કે ત્યાં પણ એજ પ્રમાણે વિના વિલંબે ભવ્ય દેવાલય રચાવું જોઇએ અને બે પાંચ વર્ષમાં જોવામાં આવે છે તો શેરીસા પણ વર્તમાન કાળના તીર્થોમાં અગ્રપદે શોભી રહ્યું છે. તેઓના ધ્યાન ઉપર આવે છે કે ખેડા માતર બહુ પ્રાચીન તીર્થ છે અને તેનો ઉધ્ધાર થવોજ જોઇએ અને તે પ્રમાણે ત્રણ ચાર લાખ રૂપિયા ખરચવાના શ્રીમાન તેમને વિના વિલંબે મળી આવે છે. તેમને એક કાળે લાગે છે કે તળાજાના ડુંગર ઉપર એક મંદીર પૂરતું નથી એટલે મહારાજના મંદિર મનોરથ પુરો પાડવાને કોઇ બ્હેન કે ભાઇ તરતજ નીકળી આવે છે અને મુખ્ય મંદિરની બાજુએ એક ભવ્ય જિનાલય બંધાઇ જાય છે. આવીજ રીતે કદંબગિરિ ઉપર મહારાજ કૃપા કટાક્ષ ફેંકી રહ્યા છે અને ભોળી શ્રાવક જનતા આજે તે સ્થળ ઉપર દ્રવ્યનો વરસાદ વરસાવી રહેલ છે. જે કાર્ય રાજા મહારાજાઓથી પણ નીપજવાં મુશ્કેલ છે, તે શ્રી વિજયનેમિસૂરિ માટે ખરેખર સહેલ છે !!!

પ્રશ્ન તો એ છે કે આજે જ્યારે દેશમાં દારિદ્રય, બેકારી અને ભુખમરો વધતો જાય છે, આપખુદ સત્તાના નિયંત્રણ નીચે દેશ કચડતો જાય છે અને દુષ્કાળ, બીમારી કુદરતી પ્રકોપો દેશના પ્રાણ ચુસતા જાય છે ત્યારે આપણા આચાર્ય મહારાજને આવાં મંદિરો અને મહોત્સવો સિવાય બીજું કશુંજ સુઝતું નથી અને તેમની આ ધુનમાંથી તેમને કોઇ રોકી શકતું નથી, કોઇ તેમને પૂછી શકતું નથી, કે મહારાજજી, આવી હાડમારીઓના સમયમાં આપ શ્રાવકો પાસે બીન જરૂરી મંદિરો ઉભાં કરવાં પાછળ શા માટે પૈસા ખરચાવો છો ? કોઇપણ કાર્યમાં રહેલું ધર્મતત્વ તેને લગતી મર્યાદાને અવલંબીને ઉભું છે. એ મર્યાદા ઓળંગો એટલે એક કાર્ય ધર્મમય ગણાતું હોય એ અધર્મમય થઇ જાય છે. દાખલા તરીકે દાન દેવું તે ધર્મ ત્યાં સુધી ગણાય કે જ્યાં સુધી તમારૂં દાન પાત્રને પહોંચતું હોય પણ નિરૂદ્યમી બ્રાહ્મણોને જમાડવા પાછળ અને હરામખોર ભિક્ષુકોના પેટ ભરવા પાછળ તમે દ્રવ્ય વેર્યાં કરો તો તે દાન ધર્મમય નથી રહેતું પણ તેમાં અધર્મનો અંશ ભળે છે. આવીજ રીતે જ્યારે ચોતરફ દુષ્કાળ વ્યાપી રહ્યો હોય અને અનેક માણસો ભુખે મરતાં હોય ત્યારે તેમની અવગણના કરીને તમે એક મોટો મહોત્સવ આદરો અથવા તો બીલકુલ બીન જરૂરી મોટું મંદીર ઉભું કરો તો તે કાર્યને કોઇ કદિ પણ ધર્મમય નહિ કહે. તોપછી અહિં પણ આપણે વિચારીએ કે દેશ તેમજ સમાજ ભારે કટોકટીના સમયમાંથી પસાર થાય છે; સમાજની અનેક જરૂરીયાતો વણપુરી આપણી સામે આવીને ઉભી છે; કેળવણી—[illegible]—આરોગ્ય—આદિ અનેક વિષયમાં આપણે સર્વ દેશો કરતાં ખૂબ પછાત છીએ,— આ સર્વની ઉપેક્ષા કરીને આજે આપણને કદંબગિરિ જેવા તદ્દન બીન જરૂરી મંદીરો ઉભાં કરવાં કેમ

# ધર્મનું શુદ્ધિકરણ.

—લાલચંદ જયચંદ વોરા.

અત્યારે સર્વ દિશાએ વિવિધ પ્રકારનું મંથન ચાલી રહ્યું છે. સૌ સૌના સ્વદેશીની પ્રગતિ અને પ્રચાર જગતભરના સમજુ અને બુદ્ધિવાદી મહારથીઓ મથી રહ્યા છે.

શક્તિશાળીઓ સત્તા મેળવવા માટે અને સત્તા થકી નિર્બળ પ્રજાઓનું રક્ષણ કરવા માટે અનેક પ્રકારની ગડમથલો કરી રહ્યા છે.

ત્યારે ધર્માચાર્યોની સ્થિતિ જગત ભરમાં દયાજનક થઈ પડી છે.

અર્થશાસ્ત્રની શુધ્ધિ કરતાં જ્યાં મુડીલોલુપ અને લાલચુવર્ગ કોચવાશે, રાજકીય શુધ્ધિ કરતાં રાજ્ય દંડાઓને શરમાવું કે કરમાવું પડશે પણ ધર્મની શુધ્ધિ કરતાં કોઈને કોચવવાનું કે કરમાવાનું નહિ રહે, કારણ ? કારણ તેમાં તો ધર્મના ઠેકેદારે પોતાને મરીને જીવવાનું છે. યજ્ઞમાં પોતેજ બલી બનવાનું છે.

અર્થ શુદ્ધિ કે રાજકારણની શુદ્ધિ અર્થે અથડામણો છે, લડાઈઓ છે. કોઈકે હોમવાનું છે, અન્યને પણ હોમવાના છે, ધર્મના શુદ્ધિકરણમાં કિંવડો બાળીને અન્યને પ્રકાશ આપે છે તેમ પોતાનેજ હોમાવાનું છે.

આ વસ્તુ સાચી હોય તો પછી આ બધી અવ્યવસ્થા અને અંધાધુંધી કેમ છે ?

અર્થ શાસ્ત્રીઓ, કરોડોને નવરાશની વેળા રોજ એક પૈસાનું કાંતવાનું કહે છે છતાં કેમ કોઈ કાંતતું નથી ? અથવા કોઈકજ કાં કાંતે છે ?

રાજદ્વારીઓ કરોડોને, કંઈક ભાગ ભૂખ્યા અર્થે રાખ્યા પછી, નિર્બળ અર્થે થોડો સમય આપ્યા પછી, ખાવાનું કે આરામ કરવાનું કહે છે. કેમ સૌ સમુદાય ટગરટગર એક બીજાની રાહ જોઈ રહ્યા છે ? અથવા બહુજ અલ્પ જીવો યજ્ઞમાં અર્પે છે ?

અને— અને ધર્માચાર્યો, ધર્મનો ઇજારો ધરાવનારા શા માટે 'સર્વત્યાગ' (?) કરી અહિં તહિં વિચરી રહ્યા છે ?

ધર્માચાર્યો કહે છે 'ધર્મ જીવશે તો સર્વ જીવશે, ધર્મને જીવતો રાખો.

બીજી બાજુ ધર્મ એમ કહે છે કે 'મારું' અવલંબન જે કરશે તેણે ખપી જવું પડશે. ધર્મ સાથે વિશાળ અપાસરા અને આડંબર ન હોય, ધર્મ પાસે ગદગદીયા થાય તેવી મલમલ કે કાશ્મીરી શાલો ના હોય, ધર્મ પાસે મિષ્ટ ભોજનો ના હોય. ધર્મ પાસ હજારો હાજીયા ના હોય.

છતાં આપણે સગી આંખે જોઈએ છીએ કે આ બધું ધર્માચાર્યો (!) અને એવી ઉપાધી ધરાવનારા વર્ગ પાસે મોજુદ છે.

આ કોયડો ઉકલતો નથી.

કારણ કે અત્યારના ધર્મના ઠેકેદારોના મોટાભાગમાં પુરૂષાર્થ નથી. તેઓ તેમની રૂઢી અને વ્યવહારને જાળવી રાખવા માટે ધર્મનું ઓઠું આગળ ધરવા માગે છે અને એ રીતે પોતાની જાતને—દેહને અને અંગતસ્વાર્થને અથવા અહંભાવને પોષવા માગે છે.

તેઓમાં ધાર્મિકતાનો અંશ માત્ર હોય તો કેશરીયાજી કે પાલીતાણા શામાટે જગતમાં જગબત્રીસીએ ચડે ? તેઓમાં પુરૂષાર્થ હોય તો એ શાસનનો અદનો સીપાહી શામાટે ભૂખે હળવળે ? તેઓમાં ધર્મ-તેજ હોય તો શામાટે જૈન જગત અજ્ઞાન રહે ? તેઓમાં વિદ્યા હોય તો શામાટે જૈનો પોતાની બાળાઓને વેચી વેચીને પેટ ગુજારો કરે ? તેઓમાં સામર્થ્ય હોય તો શામાટે તેઓ અહિંસાના બીરૂદને લજવે ?

પણ તેઓ જીભથી, મૌનથી કે કર્તવ્યથી કબુલ કરે છે કે એ પુરૂષાર્થ તેઓમાં નથી અને એ મેળવી શકે તેમ નથી, મેળવવા પ્રયત્ન કરશે કે કેમ તે શંકાવાળું છે.

એટલે 'તરૂણ—જૈને' સમજવું જોઈએ કે ભલે ધર્મ વગોવાય, ભલે ધર્મને નામે કહેવાતા ધર્મ ગુરૂઓ પ્રજામાં વિષ રેડે, ભલે ધર્મને નામે અત્યાચાર કરે, ભલે તેઓ વાડાઓમાં ગોંધી રાખવા પ્રયત્નો કરે, ભલે તેઓ આપણને નાસ્તિક કહે, ભલે તેઓ કંદમૂળની અને રાત્રી ભોજનની બાધા આપ્યા કરે, ભલે તેઓ ધર્મના જલસાઓમાં દંડધારી થઈને આગળ ચાલે.

ચાલવા દો ! અને ધર્મને ખૂબ વગોવવા દો ! ત્યારેજ ધર્મનો ઉદય થશે. દેશ કાળ અને નૈતિકતાને વિચાર્યા વિના તેઓ પોતાની પ્રતિષ્ઠા માટે બધું કરશે. એ અજ્ઞાનતાને લઈ દયાપાત્રજ લેખાવા જોઈએ.

પણ 'તરૂણ જૈને' તો કાલ્પનિક ઇશ્વરની પૂજામાં વિહરવાને બદલે, પ્રત્યક્ષ મનુષ્યની, દુખળાની સેવા—પૂજા કરવામાંજ રાચવાનું છે. નાગા, ભૂખ્યા અને અજ્ઞાન જનની રક્ષા કરવામાં ડહાપણ 'મનાવું' જોઈએ.

ગાંધીજી રેંટીઆદ્વારા નિર્બળ રોટલી મેળવી લેવાનું કહે છે, અસ્પૃશ્યતાની—ધિક્કારની ભાવનાને ભૂંસીને પ્રેમ અહિંસાને પ્રતિષ્ઠા આપવા કહે છે. આ વસ્તુ જગતને અત્યારે નહાની લાગે છે પણ એવી નહાનકડી ગણાતી ભાવનાથીજ જગતમાં વિશ્વવ્યાપી ક્રાન્તિ થઈ છે. તરૂણ જૈન આ વસ્તુ સમજે અને સમજે એટલે આચારમાં મેલે. આજે આટલી પ્રાર્થના.

---

સૂઝે છે ? શું આપણા હક તથા બુદ્ધિ બહેર મારી ગયાં છે ? શું આપણે નરી આંખે આપણા ભાઈભાંડુઓનાં દુઃખ જરાપણ જોઈ શકતા નથી ? જે જૈન પ્રજા માટે આપણે આવાં મોટાં મંદિરો બાંધીએ છીએ તે જૈન પ્રજા કેટલી છિન્નભિન્ન થઈ ગઈ છે અને સંખ્યા બળમાં ક્ષીણ થતી રહી છે, તેનું પણ આપણને ભાન નથી ? દુનિયા આજ આપણને હસે છે; તિરસ્કારે છે; જ્યાં ત્યાં હડધૂત કરે છે. આવાં મંદિરો આજના કાળમાં એક પ્રકારનો ધાર્મિક વિલાસ છે. જ્યારે આપણું અસ્તિત્વ ટકાવવાનુંજ તુમુલયુધ્ધ ચાલી રહ્યું છે, જ્યારે ભિન્નભિન્ન પ્રકારનાં દુશ્મનો આપણને ચોતરફ ઘેરો ઘાલીને બેઠા છે ત્યારે આપણને આવો વિલાસ કેમ સુઝે અને કેમ શોભે ?

એટલા માટે શ્રી વિજયનેમિસૂરિને મારી સવિનય વિજ્ઞપ્તિ કે મંદીર, મૂર્તી અને મહોત્સવના એકાન્તિક નાદથી છુટા થઈ આંખ ઉઘાડીને ફરતા જતા દેશકાળને નિરખો અને આપની લાગવગ, પ્રતિષ્ટા અને શક્તિ મંદીરો ઉભા કરવા પાછળ નહિ પણ માણુસો ઉભા કરવા પાછળ—ક્ષીણ વિક્ષીર્ણ થતા જૈન સમાજને સંગઠિત કરવા પાછળ— અને જે તત્કાળ ચિન્તવવા જેવા છે. તે પ્રશ્નોની ગ્રંથિઓ ઉકેલવા પાછળ ખરચો. કૃપા કરીને સમજો કે જૈન સમાજ કે જનસમાજ આપની પાસે ઉજળાં વસ્ત્ર પહેરીને આવતા શ્રીમંતોનો માત્ર બનેલ નથી પણ તેની પાછળ અનેક ભાઈઓ છે કે જેને આવતી કાલે શું ખાશું તેની પારાવાર મુંઝવણ છે, અનેક એવી બ્હેનો છે કે જેના પ્રાણ દારિદ્રય અને રૂઢિબંધન તળે રૂંધાઈ રહ્યાં છે, અનેક એવાં બાળકો છે કે જે પોષણ અને શિક્ષણના અભાવે જન્મ્યાં એવાંજ મરવાને સરજાયેલાં છે. આજના યુગના એજ પ્રશ્નો છે, દારિદ્રય નિવારણ અને અજ્ઞાન નિવારણ, તદર્થે જે થાય તેજ ખરો ધર્મ છે અને તદર્થે જે દેવાય તેજ ખરૂં દાન છે. જે પ્રવૃત્તિનું પરિણામ દારિદ્રય નિવારણ નથી કે અજ્ઞાન નિવારણ નથી તે ધર્મ નથી પણ ધાંધલ છે. તેથી જૈન બન્ધુઓને પણ સપ્રેમ વિજ્ઞપ્તિ કે આવું ધાંધલ જ્યાં ચાલતું હોય ત્યાં તેનો સખ્ત વિરોધ કરો; પ્રમાદ કરી, ચાલતું હોય તેમ ચાલવા દેશો " આપણે ઉતરોત્તર અવનતિ તરફ ઘસડાઇ રહ્યા છીએ. ગતાનુગ... સમાજમાં મૌનસેવન વસ્તુસ્થિતિમાં સંમતિ પુરવા બરોબર લેખાય છે. માટે કદંબગિરિ જેવાં શ્વેત હસ્તિઓ ઉભા થતા હોય ત્યાં તમારો વિરોધ નિડરપણે રજુ કરવા કદિપણ ન ચૂકો.

# "સામાજીક બળતા પ્રશ્નો"

લે. રા. "શ્રી"

સમાજનો વિચાર કરતાં અનેક પ્રશ્નો આંખ સમક્ષ ઉભા થાય છે; કયા લેવા અને કયા નહિ તેજ મુશ્કેલ છે. સમાજ આજે એ પ્રશ્નો વિચારશે કે કેમ તે પણ એક કોયડો છે. આજે તે આંતરિક ગૃહ કલહમાં પડેલો છે, રોગિષ્ટ છે. જેમ રોગીને પથ્ય પાળવાનું કહેતાં તે મોં મચકોડે તેમ સમાજને તેના હિત કે વિકાસ માટે જે કાંઇ કહેવામાં આવે તેથી તે ઉશ્કેરાઇ જાય છે. આમ છતાંય સમાજને જે સીધા પ્રશ્નો આજે કે કાલે વિચારવાના છે તે પ્રશ્નો ચર્ચવાજ જોઇએ.

પ્રથમ પ્રશ્ન કેળવણીનો લઇએ. સરકારી હેવાલો આપણે કેળવણીમાં પછાત નથી તેમ કહે છે; પારસી પછી બીજે નંબર આપણો છે અર્થાત્ આપણી સંખ્યા કેળવણીમાં સારી છે. આ વાત અર્ધ સાચી છે. આપણે તો વાણીઆના દિકરાઓ છીએ એટલે વ્યવહાર પુરતું શબ્દ અને આંકડાનું જ્ઞાન આપણે લઇએ છીએ. આ કેળવણીને જો કેળવણી કહીએ તો તેમાં આપણી સંખ્યા સારી છે તેની ના નજ કહી શકાય. પરંતુ પારસી કોમની કેળવણી સાથે આપણી સરખામણી કરવી એ તો વિચિત્ર છે; તે કોમના કેળવાયલાની સંખ્યા આપણા જેવા કેળવણી પામેલાની સંખ્યા નથી; તે તો શબ્દ અને આંકડાની કેળવણી ઉપરાંત માનસિક, બુધ્ધિ વિષયક કાયિક કેળવણી પામેલાની સંખ્યા છે, આપણી સંખ્યા તો અધૂરા ઘડા છલકાય તેની સંખ્યા છે. પરિણામે એક લાખની વસ્તીવાળી પારસી કોમનું અસ્તિત્વ ગણવામાં આવે છે જ્યારે ચાર લાખ કે બાર લાખની વસ્તી હોવા છતાં જૈન કોમનું અસ્તિત્વ સ્વીકારવામાં નથી આવતું. પરિણામ એ થાય છે કે આપણા સમાજમાં સંસ્કૃતિ, બુધ્ધિ, તેજસ્વિતા, વિચારશીલતા આદિનો અભાવ છે; અને કોઇ તેવી વ્યક્તિ હોય તેની ઉપેક્ષા કરવામાં આપણે કૃતકૃત્ય સમજીએ છીએ. આપણે તેમના કરતાં વધારે ડહાપણના ઇજારદાર છીએ એમ માની લઇએ છીએ. આ ઉપરાંત આપણામાં વિવેક સારાસારની તુલના કરવાની શક્તિ નથી રહી; તે પણ આ અધકચરી કેળવણીનો પ્રતાપ છે. ન ભણેલ વર્ગ જે હોય તેને જે કહેવામાં આવશે તે તે શ્રદ્ધાથી સ્વીકારશે; કેળવાયેલ વર્ગ તે બાબત વિચાર કરી તેમાંથી સત્ય ગ્રહણ કરી બાકીનું ફેંકી દેશે, જ્યારે અધકચરો કેળવાયેલ વર્ગ સાચુંય નહી સ્વીકારે તેમજ ખોટુંય નહી સ્વીકારે, તે તો દંભ આચરશે. સમાજની આજની આપણી જે દશા છે તેનું મુખ્ય કારણ આપણી અધકચરી કેળવણી છે.

બીજો પ્રશ્ન આપણા આરોગ્યનો છે. દરેક જગ્યાના દવાખાનાના દરદીને તપાસ કરવામાં આવે તો ૫૦/ ઉપરાંત જૈન દરદીઓ જણાશે. આ પ્રશ્ન સૂચવે છે કે આપણી જીવન શક્તિ ખૂબ ન્યુન છે. જીવનશક્તિ—પ્રાણશક્તિ—ચૈતન્ય વધુ કાર્યકર બને તે માટે વ્યાયામ માટે પ્રબંધ કરવા છતાં 'આરંભે શૂરા'ની કહેવત આપણે સાચી પાડી છે, પછી તે સંસ્થાઓ બંધ થઇ છે કે તે મરવાના વાંકે જીવે છે. આજે ભુતકાળની આંબલીની રમતો નથી, વિદ્યાર્થીઓને ફરવાનો શોખ નથી. શાળામાં ફી આપવા છતાં તેની રમતોનો સમય આપણને અનુકૂળ ન હોવાથી આપણે તેનો લાભ લેતા નથી. આ સંજોગોમાં આપણે શું કરવું તે મુંઝવણ છે. વ્યાયામ શાળા સુધી જતાં આપણાં બાળકો શરમાય કે સંકોચાય છે; તેમનામાં ત્યાં જવાની વૃત્તિ કે બળ નથી; આટલું જે ન કરે તે વ્યાયામ તો કરેજ ક્યાંથી?

આટલી નિરાશા છતાં આપણાં બાળકોની પ્રાણશક્તિ વધુ કાર્યકર બનાવવી હોય તો આ પ્રશ્ન ફેંકી દીધે ચાલે તેમ નથી. આપણે બાળકોમાં રમવાનો શોખ જગાડો, તે શોખ જગાડવા બાળકોને રમવાનું વાતાવરણ અને સગવડ આપો, તેના માટે બાળક્રિડાંગણો પોળેપોળે કાઢો. પરિણામે બાળકોમાં સુખશિલિયા વૃત્તિ લોપ પામશે, સાહસ વધશે, હાથ મહેનત કરવાની વૃત્તિ જાગશે, હરિફાઇ જન્મશે, તેજસ્વિતા આવશે અને ત્યારપછી વ્યાયામશાળાની શરૂઆત કરવામાં આવશે તો તે સતત ચાલ્યા કરશે. આમ બનશે ત્યારે જીવનમાં યુવાનીમાં અનેરો આનંદ આવશે.

ત્રીજો પ્રશ્ન આપણી બેકારીનો છે. વેપારપ્રખ્યાત કોમને પણ બેકારી સ્પર્શી છે. આ પ્રશ્ન કેમ ચર્ચવો તે મુશ્કેલ છે છતાં તે યથામતિ અને યથાશક્તિ ચર્ચવો તો જોઇએજ. આપણી બેકારીનાં બે કારણ છેઃ— (૧) ગ્રહ ધંધાનો નાશ અને (૨) વેપારના સાધનોનો અભાવ. આમાં આપણું અધકચરું જ્ઞાન પણ ઉમેરવું જોઇએ. આ માટે સમાજ ધારે તો ઘણું કરી શકે; પરંતુ આજે તો સમાજ એટલે ધણી—ધર વિનાની જાન છે; અને સમાજ જાગે નહી ત્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ શક્ય નથી. કેળવણી અંગે સગવડો થઇ છે, થાય છે અને થશે છતાં માબાપની બેકારી દીકરાની કેળવણીપર કાપ મુકે છે, ત્યાં સુધી આ પ્રશ્ન ગૂંચવણ ભર્યો છેજ. સમાજમાં કેળવણી પ્રતિ ઉદાસીનતા છે, ધંધા અને વેપાર ખીલવવા અને તે માટે સાધનોની સગવડ કરવી તે પ્રકારની ભાવના નથી ત્યાં સુધી આ પ્રશ્નની વધુ ચર્ચા અસ્થાને છે. એક વસ્તુ આમાં એવી છે તે પ્રતિધ્યાન દોર્યા વિના નથી રહેવાતું,

સમાજ પર કેટલાંય માણસો ટીપટપરાંથી નભે છે અને અર્થકામનો ઉપદેશ કરવાની ના કહેનાર સાધુઓ સમક્ષ આ ટીપો ભરાય છે, આ વસ્તુ અસહ્ય છે. આવાં માણસોને રાહત મળે તેની ના ન હોય પણ તે સ્થાનિક સંઘો તરફથી, એટલે તે જ્યાંનો વતની હોય ત્યાંની આજુબાજુની પ્રજા પર તેનો બોજો પડવો જોઇએ. દૂરદૂરના માણસો આવી વ્યક્તિઓને સાધર્મીવાત્સલ્યના નામે મદદ આપે તેમાં આપનાર તો ધર્મબુદ્ધિથી આપે છે એટલે કાંઇ નથી ગુમાવતો, પણ લેનાર ઠગ નીકળે તો સમાજમાં તેવી સંખ્યા વધવાનો ભય સ્પષ્ટ રહે છે. આવો ભય ટાળવાનો સુગમ રસ્તો આવી વ્યક્તિઓને સ્થાનિક સંઘો મારફત મદદ કરાવવી તેજ છે. બીજું પ્રજાની કોઇપણ વ્યક્તિને ટીપટપરાં પર નભતો કરવો તે એક નીતિ અને સામાજિક બેય દ્રષ્ટિએ ગુન્હો છે. સમાજ પર આશક્ત. પાંગળા, અંધ, શક્તિહીન એવાનો બોજો તો હોવજ છે અને તે બોજો ઉપાડવો તે સમાજનો ધર્મ પણ છે; પરંતુ સશક્ત માણસોને ટીપટપરાં પર નભતો કરવામાં

## કે....ળિ....કા....ઓ

### વ્યક્તિ કે સમાજ?

આધુનિક જગતની પ્રત્યેક બાબતમાં, મનુષ્ય જીવનના અણુએ અણુમાં આજે વ્યક્તિવાદ ઘુસી ગયો છે. વ્યક્તિ પોતાને દરેક કાર્યની અંદર લાભ કેમ મળે તેજ જુએ છે. પોતાને લાભ થાય તેથી સારા સમાજને નુકશાન થતું હોય તોપણ તેની તેને પડી નથી. સમાજવાદે આ બધું સમજાવ્યું છે એવું નથી. આપણા પુર્વજોએ જગત સમક્ષ ખરી 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના મુકી છે. પ્રભુ મહાવીરના સિદ્ધાંતો પણ આપણને એજ શીખવે છે. એટલે તો સમાજવાદ કરતાં પણ ઉચ્ચ ભાવનાનો રાહ આપણને બતાવ્યો છે. વ્યક્તિ પર સમાજનું પ્રાધાન્ય સદીઓ થયાં આપણા ધર્મમાં સ્વીકારવામાં આવ્યું છે. અમુક વ્યક્તિના લાભને ખાતર સમાજના હિતને ઠોકરે મારવું ન જ જોઇએ.

મનુષ્યના જન્મથી કે મરણ સુધીનાં લાવણી બાબતો જોશો તો તમને તે બધી વ્યક્તિવાદ પરજ રચાએલ જણાશે. આપણે આજે મહાવીરનો ધર્મ-પંથ કહેવા જોઇએ, આમ શાથી? તેનો વિચાર કરવા કોઇ દિવસ પ્રયત્ન કર્યો છે? શા માટે એક પાસે તેની જરૂર કરતાં વધુ મિલકત અને બીજાને જરૂરીયાત પુરતું પણ નહિ જ? હજારો અર્ધભુખ્યાં હાલતે છે; હજારો નગ્ન ફરે છે ત્યારે અમુક વ્યક્તિઓને તેમને બીનજરૂરી મિલ્કત નકામી કારણમાં રગદોળવાનો શું હક્ક? ધર્મને નામે કરવામાં આવતાં અનેક ખોટાં ખર્ચો ઉપર વિચાર કરશો તો આ સર્વ સમજાશે, કદાચ અમુક વ્યક્તિઓને મોજશોખ

આપણે માણસને પાંગળા બનાવીએ છીએ અને ભાગ્ય તેની આપણા પર બોજો વધારીએ છીએ. આવાં માણસોને મદદ આપવીજ હોય તો તેની પાસેથી ચોક્કસ કામ લઇને આપવી કે જેથી લેનારને આત્મસંતોષ રહે કે તેણે કમાણી કરી ખાધું છે અને આપનારને એ સંતોષ રહે કે એક બેકાર મનુષ્યને મેં કામ આપ્યું છે. આટલું સ્વીકારાય તો સમાજમાં જે ભિખ માગવાની રીતિ ઘર કરી બેઠી છે તે આપો આપ નીકળી જાય.

આ ઉપરાંત આપણો સમાજ બહુ ઉડાઉ છે અર્થાત મોજશોખમાં, દેખાદેખીમાં, હરીફાઇમાં નકામા નાણાં ખુબ ખર્ચે છે. સમાજે જરૂર એટલો વિચાર કરવો જોઇએ કે તેની પ્રવૃત્તિથી સમાજનું કેટલું હિત સધાશે; સમાજના ક્યા વર્ગને તેથી રોજી મળશે; સમાજનો કયો વર્ગ તેનો લાભ લઇ તેથી ભાવિમાં શું પોતાનું કે પરનું હિત સાધશે. ક્રિયાકાંડનાં નામે રૂપિયા ખર્ચવાની ઇચ્છા જ હોય તેને ખર્ચવાની ના ન પાડતાં તેમાં પોતાના જાતિ બન્ધુઓને તે દ્વારા રોજી પ્રાપ્ત કરાવવા, તે સ્વાર્થ સાથે પરમાર્થ કરી શકે તેવું કરાવવા પ્રયત્નો થવા જોઇએ.

આટલા પ્રશ્નો સમાજ માટે હાલ તો બસ છે. આનું કાંઇ પરિણામ દેખાય તો બીજા અનેક તેવા પ્રશ્નો ચર્ચી શકાશે.




સાધુવાનો હક્ક આપે તેમ, તેમની પાસે બીજા હજારોને ઉપયોગમાં આવી શકે તેવી જીવનની જરૂરીઆતો પોતાને બીન જરૂરી છે છતાંય સંઘરી રાખવાનો શું અધિકાર? આ બધું વ્યક્તિવાદમાં થાય છે.

આજે ધર્મને નામે, સમાજને નામે થતા લખલુંટ ખર્ચો પાછળ સમાજ હિતનો ઉદ્દેશ હોતો નથી; પરંતુ કીર્તિનો, બાપદાદાની આબરૂનો ઉદ્દેશ હોય છે. સમાજ હિતનો ઉદ્દેશ હોય તો પણ એવા બીન જરૂરી ખોટા ખર્ચોથી એ ઉદ્દેશ કદિ સાધી શકાયજ નહિ.

### મહાવીરનો એ સાચો અનુયાયી:—

સર્વ જીવો એકજ પિતાના પુત્રો—બન્ધુઓ છીએ. એવો, એ સાચું મહાવીર સ્વરૂપ જોવાની તાકાદ ધરાવનાર પુરૂષનો અમુલો આદર્શ હોય છે; અને એ જીવનમંત્રને નજર આગળ રાખીનેજ પ્રવૃત્તિ તે કરે છે. તેને કલહ—કંકાસ શામાટે? કપટ શામાટે? ધન—વૈભવનો મદ શા માટે? દીનદુઃખીઓ પણ તેનાજ ભાઇઓ છે. તેમને શા માટે એ તિરસ્કારે? એમને તિરસ્કારવા એ જગતના પિતા પ્રભુને—પિતા મહાવીરને—તિરસ્કારવા બરોબર છે. તેમના પ્રત્યે સ્નેહભાવ દર્શાવી, તેમના ઉરને ઉત્સાહ આપી તેમને ઉત્કૃષ્ટતાની અનેરી રાહે, પ્રગતીની પરાકાષ્ઠાએ લઇ જવા માટેજ તે હમેશાં મંથન કરે છે. તેમાંજ રચ્યોપચ્યો રહે છે.

### સાચા સેવકને:—

જો તમારે સમાજની ઉન્નતિ કરવી હોય તો માત્ર મિલ્કત સંબંધી તમારા મગજમાં જે ભૂત સવાર થઇ બેઠું છે, તેને ખસેડી મુકવું જોઇએ. સર્વ પ્રકારની સત્તા પૈસાના હાથમાં છે; અને તે ન્યાય સત્ય છે એવી જે તમારી સમજ છે, તે સમજને તમારા મસ્તકમાંથી તિલાંજલિ આપવી જોઇએ. તમારે સમજવું જોઇએ કે લાખો માણસો કામના બોજા નીચે કચડાઇ મરતાં હોય છતાં ઉંચા પ્રકારના વસ્ત્ર પહેરી ફાંકેર કરવી એ શરમજનક છે. તમારા ચિત્તમાં ઠસવું જોઇએ કે હજારો માણસો ભુખથી મરણ પામતાં હોય ત્યારે પાળેલાં કુતરાંને શીરાપુરી ખવડાવવાં એ અયોગ્ય છે. સામાન્ય જનોમાં આજે જે ખરાબ વિચારો સારા તરીકે રૂઢ થએલા છે. તેનો મૂળ સહિત ઉચ્છેદ થઇ નવા વિચાર જન્મ પામશે ત્યારેજ હાલની ખરાબોટાની કલ્પના ફેરવાશે; એવી ફેરફારીનાં ચિન્હ હવે દેખાવા પણ લાગ્યાં છે. તમોને પસંદ પડો, કે ન પડો પણ કાળ તમને એવી ક્રાન્તિ તરફ ખડકીજ રહ્યો છે. સામાન્ય જનોનાં ચિત્ત હવે એ નવિન વિચારો તરફ વળવા લાગ્યાં છે. સ્ત્રીઓના મનમાં પણ આ નવા વિચારનું બીજારોપણ થયું છે. હવે તેનાં ફળ થવાનોજ વિલંબ છે.

માનવ જીવનને માટે અતિ આવશ્યક એવાં કર્તવ્યથી પુરૂષો વિમુખ રહેશે તો માનવ જાતિનો સંહારજ થવાનો; અને સ્ત્રીઓ પણ એ જવાબદારી નહિ ઓળખશે તો એ સમય એકાદ પેઢી સુધીમાંજ આવી પહોંચશે.

આ પત્ર મોહનલાલ પાનાચંદ શાહે પ્રતાપ સાગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈનયુવક સીંડીકેટ માટે ફરીબાણુબજાર, તુલસી ભુવન, પહેલે માળે મુંબઇ નં. ૩ તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.

સંમેલનના મૂળમાં





સમાજ, ધર્મ અને સાહિત્યની સેવા બજાવતું નૂતન યુગનું જૈન પાક્ષિક પત્ર.

છુટક નકલ ૧ આનો | શ્રી જૈન યુથ સીંડીકેટ ( જૈન સમિતિ)નું મુખ પત્ર | વર્ષ ૧ લું અંક ૨ જો
વાર્ષિક રૂ. ૧-૮-૦ | તંત્રી:—ચંદ્રકાન્ત વી. સુતરીયા. | મંગળવાર તા૦ ૧૬-૧-૩૪


# આવતી—કાલનો—સમાજ

જગતનાં વિશિષ્ટ આંદોલનો આજે નૂતન માનવીના ઘડતર ઘડી રહ્યાં છે, પુરાણ-વાદ, પ્રગતિબાધક જુનવાણી અને અંધ શ્રદ્ધાનાં પૂર ઓસરવા માંડયા છે, સમગ્ર માનવ સમૂહ હિલોળે ચઢયો છે, યુગયુગના બંધનો તોડવા માટે 'અનેક જાતના પ્રયત્નો થઇ રહ્યા છે. ભૂતકાળના સુવર્ણયુગ પાછા વાળી લેવાની અદમ્ય થઇ વર્તમાન કાળની અવ્યવસ્થા સાલવા લાગી છે, સમસ્ત સમાજો, રાષ્ટ્રો, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિ તરફથી એ અવ્યવસ્થાને દૂર કરવાનો ભગીરથ પ્રયત્ન થઇ રહ્યો છે. આપણા સમાજમાં પણ જાણ્યે અજાણ્યે એજ ક્રિયાઓ ચાલી રહી છે, જબ્બર ઘર્ષણ ચાલી રહ્યું છે અને તેમાંથી આવતી કાલનો સમાજ સર્જાઇ રહ્યો છે.

એ સમાજમાં અનેક મંદિરો અને કરોડો મૂર્તિઓને સ્થાન નહિં હોય! એ સમાજમાં ઉપધાન અને ઉજમણાંને સ્થાન નહિં હોય! એ સમાજમાં સાધુશાહી અને શ્રીમંતશાહીનું વર્ચસ્વ નહિં હોય, એ સમાજમાં સંઘ કાઢવાના અને જમણુ અંગેના નિરર્થક દ્રવ્ય વ્યયની તમના નહિં હોય, એ સમાજમાં રૂઢિની ગુલામી નહિં હોય, એ સમાજમાં વ્યકિતવાદ કે એક દ્રવ્યનું સત્તાના ચોકઠાં નહિં હોય, એ સમાજમાં અનેકને ભોગે એક માલેતુજાર નહિં બની શકે, એ સમાજમાં ધર્મને નામે થતાં લાખો રૂપીઆનાં દુર્વ્યયનું અસ્તિત્વ નહિં હોય, એ સમાજમાં ઓઓની ગુલામી નહિં હોય, એ સમાજ માયકાંગલો અને બેકાર નહિં હોય—પરંતુ બુદ્ધિવાદમાં માનતો સ્વાવલંબની એ સમાજ હશે, ત્હેમાં ઔદ્યોગિક અને વ્યવહારિક કેળવણીની સ્થળે સ્થળે સંસ્થાઓ હશે, વ્યાયામ શાળાઓ અને રમત ગમતના સાધનોદ્વારા પ્રાપ્ત થએલ શકિત સંપન્ન લોખંડી શરીરો હશે, સંતોષ અને શાન્તિનાં સામ્રાજ્ય પ્રવર્તતાં હશે, મહાવીરની વિશ્વબંધુત્વની દિવ્ય ભાવનાના પ્રતિબિંબની રૂપરેખા દોરાએલ હશે, સ્ત્રી કેળવણી અને ત્હેની સમાનતા સ્વીકારવામાં આવી હશે, સંઘ સત્તાની સર્વોપરિતાને મહત્ત્વ અપાયું હશે, આર્થિક વ્હેંચણીમાં દરેકને સમાનતા હશે, માનવમાત્રના કલ્યાણની ભાવના હશે. સમભાવપૂર્ણ 'નૂતન બંધારણ અસ્તિત્વમાં આવ્યું હશે. ઇશ્વરપૂજાને બદલે માનવ-પૂજાના મૂલ્ય અંકાયા હશે.

## સ્વાગતમ્

નવયુગના પ્રસવકાળને ટાણે 'તરુણ જૈન' મશાલધારી જૈન યુવકોનું વિચારબળ પ્રચારવા, સામાજીક બંધનો, ધાર્મિક દંભો અને જુનવટની વિઘ્નકારી જંજીરોનું છેદન ભેદન કરવા પ્રગટે છે, તે પ્રસંગ સૌ કોઇ માટે આહ્‌લાદનો છે, ઉમંગનો છે.

એક બાજુ આર્થિક મંદીનું સામ્રાજ્ય વ્યાપ્યું છે, બીજી તરફ મૂડીવાદની નફકર દિવાલો છે, ત્રીજી પાસ સમાજ અને જ્ઞાતિનો વિકાસ રૂંધતો રાહુ અને ચોથી બાજુ ધર્મને નામે શાહી આડંબરો અને અંધ રીતે થતા બખેડા ખર્ચો. આમ ચોપાસ જકડાતું પામર-જંતુ—માનવી એકજ રીતે મુક્તિ મેળવી શકે અને તે વિચાર સ્વાતંત્ર્યથી, વિકસિત પુરૂષાર્થથી અને સમૂહબળના સંગીન ટેકાથી—તરૂણોનો નાદ સુણાવતું 'તરુણ જૈન' આ દિશા પ્રતિ ધપે. તો તેની Career જરૂર યશસ્વી નિવડે.

હું ઇચ્છું છું કે 'તરુણ જૈન' સમાજની નામધારી સંસ્થાઓને અને તેના સ્વનિર્મિત વડાઓને ખુલ્લા સ્વરૂપમાં જાહેર કરી તેમની સાન ઠેકાણે લાવે. સત્તાધારી શ્રીમંતોનાં ખેરખાંપણાનો સામનો કરતાં પાછી પાની ન કરે, સમાજના દ્રવ્ય વ્યય—અને દ્રવ્ય સંગ્રહ માટે ઉત્પાદક (Productive) યોજનાઓ ઘડી સમાજ આગળ મુકે, અમલ કરાવે અને વેડફાઇ જતી જનશકિતનો સુંદર ઉપયોગ થાય તેવા પ્રસંગો યોજી સુષુપ્ત સમાજમાં ચેતનની ચીનગારી પ્રગટાવે. આ ટાણે અશાન્તિ અને અસંતોષ આવશ્યક છે. આપણાં દુષણો—આપણી નિષ્ક્રિયતા—આપણો મલીન વર્ગભાવ—આ સર્વ ભભુકી ભસ્મ થશે ત્યારેજ સાચી શાન્તિ અને સાચો સંતોષ તરૂણને હશે અને ત્યારેજ નવયુગનો પ્રસવ નિર્વિઘ્ન નિવડશે.

—મશાલધારી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ઊભો રહેનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર. )

# તરૂણ જૈન

મંગળવાર તા૦ ૧૬-૧-૩૪

# સંમેલનના મૂળમાં

જૈન સમાજમાં આજે 'મુનિસંમેલન' સંબંધી ખૂબ ચર્ચાઓ થઇ રહી છે, સ્થળે સ્થળે તે સંબંધી ખૂબ વિચારણાઓ ચાલી રહી છે, જો કે મુનિસંમેલનની આવશ્યકતા તો લગભગ બધાએ સ્વીકારે છે છતાં અત્યારે તે કરવાપણું છે, તેમ સમાજનો મોટો ભાગ માની રહ્યો છે. સાધુ સંમેલનની સફળતાનો આધાર શુદ્ધ ભૂમિકા ઉપર રહેલ છે. જ્યાં સુધી શુધ્ધ ભૂમિકા તૈયાર કરવામાં ન આવે ત્યાં સુધી એ કામ સફળ ન થઈ શકે. આજે શુધ્ધ ભૂમિકાનો તદ્દન અભાવ છે. જ્યારે સાધુ સમાજ ઉપર દ્રષ્ટિપાત કરીએ છીએ ત્યારે પ્રભુ મહાવીરના એ ઉત્તરાધિકારીઓની હાલત દયાજ માગી રહે છે. ક્યાં ભગવાન મહાવીરની અને ત્હેનાં સિધ્ધાંતની સાધુતા અને ક્યાં આજના કહેવાતા સાધુઓની સાધુતા ! એ બંનેમાં આકાશ પાતાળ જેટલું અંતર છે.

મુનિ સંમેલનની આવશ્યકતા એટલા માટે હોવી જોઇએ કે ત્હેની આજે જે વિકૃત દશા છે, તે દૂર થાય; ત્હેનાં આચાર, વિચાર, ઉચ્ચાર જે જુદા જુદા છે તેનું એકીકરણ થાય, સ્વચ્છંદતા અને શિથિલતાએ જે પ્રવેશ કર્યો છે, તે નષ્ટ થાય, સંયમનાની જે ખુલ્લી રીતે અવગણના થઇ રહી છે, તે પુનઃ સ્થાપીત થાય, આપસમાં જે વૈર વિરોધ, ઇર્ષા અને મતભેદનું સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, ત્હેનું અસ્તિત્વ દૂર થાય; ગેરવ્યાજબી અને નિરર્થક દ્રવ્યનો વ્યય થઇ રહ્યો છે, તે અટકે, અને સમાજના પુનરૂત્થાન માટેની તૈયારી થાય. આ બાબતો માટેજ મુનિ સંમેલનની જરૂર છે.

જ્યારે આગામી મુનિ સંમેલનની જે તૈયારીઓ ચાલી રહી છે, ત્હેમાં ઉપરોક્ત હેતુ ન સ્વીકારાયો હોય ત્હેમ માનવાને પુરતાં કારણો છે, પહેલું તો એ કે મુનિસંમેલન શા માટે ભરવામાં આવે છે તે સંબંધી સમાજ પાસે કશી રૂપરેખા ધરવામાં આવી નથી, કઇ દ્રષ્ટિએ કાર્ય શરૂ થવાનું છે? તેથી સમાજને ખૂબ અંધારામાં રાખવામાં આવ્યો છે, ખૂદ સાધુઓને પણ ખબર નથી કે અમને આમંત્રણ શા માટે કરવામાં આવ્યું છે, એટલુંજ નહિ પણ સમાજમાં પણ સંમેલન માટે ખૂબ આશંકાઓ થઇ રહી છે. કોઇ કહે છે કે કહેવાતા શાસન પ્રેમીઓનું આ બધું તુત છે, વડોદરાની સરકાર તરફથી સગીર દીક્ષા પ્રતિબંધનો જે કાયદો અમલમાં મુકાયો છે, તેને દૂર કરવાના આ બધા પ્રયત્નો છે; અને ત્હેમાં નેમિસૂરિને આગેવાની આપી કામ કાઢી જવાની પેરવી થઇ રહ્યું છે. કોઇ કહે છે કે આમાં અમુક વ્યક્તિઓનો વ્યક્તિગત સ્વાર્થ સમાયેલ છે એટલે તેઓએ આ ચોકઠું ગોઠવ્યું છે, કોઇ કહે છે કે નેમિસૂરિને સાર્વભૌમ થવાના કોડ જાગ્યા છે, હજારો મૂર્તિઓ અને મંદિરોના શિલા લેખો ઉપર પોતાનું નામ કોતરાવવાની તાલાવેલી લાગી છે; પોતાની અને પોતાના શિષ્ય સમુદાયના અગ્ર ગણ્ય સાધુઓની મૂર્તિઓ સ્થાપન કરવાનો મોહ જાગ્યો છે, આ બધી ઇચ્છા પુરતીના બદલામાં મુનિ સંમેલન ભરવાની ત્હેમણે ઘોષણા કરાવી છે. જો આ બાબતો સત્ય હોય તો અમારે કહેવું જોઇએ કે મુનિ સંમેલનનો કશો અર્થ નથી. તે નિષ્ફળ થવાનેજ સર્જાયું છે, ત્હેની કોડીનીયે કિંમત નથી. આ બાબતો સ્પષ્ટ ખુલાસો માગે છે.

જે સંમેલનના મૂળમાં સોદાગીરીના ભણકારા વાગી રહ્યા છે એ સંમેલનની સફળતામાં વિશ્વાસ કઇ રીતે બંધાય? તે સમજમાં આવતું નથી. સંમેલન માટેની ભૂમિકાઓ પણ તૈયાર કરવામાં આવી નથી, જેમકે એકજ ગુરૂના ચાર શિષ્યોમાં આજે ફાટફુટ છે, ત્હેનું એકીકરણ પણ સધાયું નથી. સમગ્ર મુનિ સંમેલનના સંગઠ્ઠન પહેલાં દરેક આચાર્યોએ પોત પોતાના સમુદાયનું સંગઠ્ઠન સાધવાની જરૂર છે, પદવી મોહ અને અલગ અલગ અખાડાની અજબ ધૂન લાગી રહી છે, ત્હેને કાબુમાં રાખવાની અનિવાર્ય આવશ્યકતા ઊભી થઇ છે, સાધુ સાધુમાં જે ઉચ્ચ નીચના ભેદભાવ પ્રવર્તી રહ્યા છે તે માનસ દુર કરવાના પ્રયત્નો થવા જરૂરી છે, દિનપ્રતિદીન અહમિન્દ્રત્વની ભાવના જે ખીલી રહી છે. ત્હેને દુર કરવાની અગત્ય છે, જડતાને દુર કરી સરળતા ખીલવવાની આવશ્યકતા છે, સંકુચિત દ્રષ્ટિ દુર કરી વિશાળ ભાવના કેળવવા પ્રયત્નો થવા જરૂરી છે, આધુનિક યુગમાં શું કર્તવ્ય હોઇ શકે? તે માટેના આંદોલનો ઊભાં કરવાં જોઇએ. હૃદયમાં જે મેલ ભર્યો છે તે મેલ દુર કરી સર્વ સામાન્ય પ્રશ્નો તરફ દ્રષ્ટિ ખેંચવી જોઇએ, જગતના વાતાવરણમાં રસ લેતાં શીખવવું જોઇએ, ત્યાર પછીજ સમસ્ત મુનિ સંમેલનની આવશ્યકતા ઊભી થાય છે, જ્યાં સુધી ઉપરોક્ત પ્રશ્નોનો નિકાલ કરી શુધ્ધ ભૂમિકા તૈયાર કરવામાં ન આવે ત્યાં સુધી સમાજને આવાં મુનિ સંમેલનથી કશો લાભ થવાનો નથી. સંમેલનમાં સમાજોદ્ધારનો શુધ્ધ આશય હોવો જોઇએ.

જેને વ્યક્તિગત ઉન્નતિ સાધવી છે અર્થાત આત્મોન્નતિની જે માનવીને તાલાવેલી લાગી હોય છે, તેને સંમેલનની જોડે શી નિસ્બત હોય છે? તે તો પોતામાં મસ્ત હોય છે, તે આવી ધમાલમાં પડતો નથી. તેને આવી ધમાલ પ્રિયકર હોતી નથી, તે તો મહાવીરનું માર્ગ દર્શન આચરણમાં ઉતારતોજ હોય છે. આવા સાધુઓનો સમાજમાં લગભગ અભાવ છે. આવા સાધુઓ સંમેલનમાં જરાયે રસ ન લઇ શકે, તેને રસ લેવાની કશી જરૂર રહેતી નથી. ત્યારે આ મુનિ સંમેલનની બાબત કેમ અસ્તિત્વમાં આવી ત્હેની વિચારણા જરૂરી છે.

આજનો યુગ અંધ શ્રધ્ધાનો યુગ નથી. બુધ્ધિવાદે ત્હેના ઉપર સખ્ત ફટકો લગાવ્યો છે. સમસ્ત આલમ આજે વિચાર કરતી થઇ ગઇ છે. આજની ધાર્મિક પદ્ધતિ અને ત્હેના અધિકારીઓ સમાજને પ્રગતિ તરફ ધસડી રહ્યા છે કે ત્હેની પ્રગતિ રૂંધી રહ્યા છે. તેની વિચારણા ચાલી રહી છે. ઉપરોક્ત બન્ને બાબતો આજે સમસ્ત સમાજને ખુંચી રહી છે, કેટલાક સમાજોમાં એ બાબતો સ્હામે ખૂબ આંદોલનો ઊભાં થઇ રહ્યાં છે, જૈન સમાજ

વધુ માટે જુઓ પાનું ૭ મું

# પ્રગતિના શિખરેથી

**કેસરિયાજી પ્રકરણ:—**

આપણા આંતરિક કલહના પરિણામમાં આપણે એક પછી એક તીર્થો કે જે આપણા પૂર્વજોનો અનુપમ વારસો છે તે ગુમાવતા રહ્યા છીએ, આપણી નિર્બળતાનો લાભ લઇ ઇતર લોકો પોતાની નેમમાં ફાવતા જ રહ્યા છે, તેના પુરાવામાં કેસરિયાજી પ્રકરણ મોજુદ છે. કેસરિયાજી તીર્થ આપણા હાથથી જવા બેઠું છે. છતાં તે સંબંધી સમાજમાં કંઇપણ હીલચાલનાં ચિન્હો પણ જણાતાં નથી, આ નિષ્ક્રિયતા આપણે માટે ખુબ શરમાવનારી છે, દેવ, ગુરૂ અને ધર્મને માટે પ્રાણ પાથરનારા શાસન સુભટો (!) અને તેમના ગુરૂઓ કેસરિયાજી માટે કેમ મૌન છે ? શું તેમનું એ તીર્થ નથી, તેમને એ તીર્થ સાથે લાગતું વળગતું નથી ? અયોગ્ય દીક્ષા માટે જેટલી દોડધામ, જેટલું પ્રચાર કાર્ય અને તેની પાછળ ગરીબ શ્રીમંતોની જેટલી લક્ષ્મી સેવાઇ છે, તેનો દશમો ભાગ પણ કેસરિયાજી પ્રકરણ માટે કરવામાં આવ્યો છે ? 'ના'જ કહેવી પડશે. આ બાબતજ તેમની શાસન પ્રિયતાનો ઢોંગ ખુલ્લો પાડે છે, છતાં પણ હજુ છેક મોડું થયું નથી. ફાગણ વદિ ત્રીજના મુનિ સંમેલન આ. નેમિસુરિના નેતૃત્વમાં મળે છે, એ પ્રસંગે આ વસ્તુ ભજવાનો મોકો મળશે, એ પ્રકરણ અંગે સાધુઓ શું કરી શકે તે માટેનો રાહ શ્રીજ કોલીનેસ, જગદ્‌ગુરૂ, યોગલબ્ધિસંપન્ન, રાજ રાજેશ્વર, અનંત જીવ પ્રતિપાળ, શાસન સમ્રાટ (!) વિજય શાન્તિસૂરીશ્વરજી મહારાજે આંકી દીધો છે, તેમણે એવ ઘોષણા કરી છે કે "અગર ફાગણ સુદિ તેરસ પહેલાં જો કેસરિયાજી પ્રકરણ સંબંધી સંતોષકારક નિવેડો નહિં આવે તો અધ્યાત્મવાદનું ઉલ્લંઘન કરીને હુશીયાર અણશણ મતનો હું અંગીકાર કરીશ." આજના સાધુ સમુદાય માટે આ ખરેખર કસોટીનો પ્રસંગ છે. ભુતકાળમાં અનેક આચાર્યો અને સાધુઓએ શાસનને ઉજ્જવળ બનાવવા પોતાના કિંમતિ જીવનનો ભોગ આપ્યો છે. શાંતાચાર્ય મહારાજ આજે તેમના પૂરોગામીઓના પગે વિચરી રહ્યા છે. જો દરેક સાધુ મહારાજને કેસરિયાજી પ્રકરણમાં શાસનની હીલના જણાતી હોય તો તેમણે બહેતર છે કે તેમનાથી કંઇ ન બની શકે તો અણશણ વ્રતની ઘોષણા કરવી. પાંચસો સાધુઓનું અણશણવ્રત જરૂર સમાજમાં ચેતન લાવશે એટલુંજ નહિં પણ કેસરિયાજી તીર્થમાં દખલ કરનારાઓના હૃદયમાં પણ તેનો પ્રભાવ પડશે. ગુરૂદેવો હજુ પણ અધ્યાત્મવાદના હથીયારનો આશ્રય ન લઇ શકે પણ સાધુઓ કે જેઓને અધ્યાત્મવાદનોજ રક્ષણ કરવા સિવાય બીજું કશું કામ નથી, તેઓ માટે આ મુશ્કેલીનું કામ નથી. યોગીરાજ શાંતિવિજયજી મહારાજના અણશણની વાતજ હજુ બહાર આવી છે. ત્યાંતો હજુ જેવા પ્રૌઢ સમાજના હૈયાનું હૃદય કમકમી ઉઠે છે અને તા૦ ૨૮-૧૨-૩૩ ના શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપરના પત્રમાં તેઓશ્રી જણાવે છે કે "જ્યારે યોગીશ્વરના અણશણવ્રતનો કટોકટીનો સમય ઉભો થયો છે, ત્યારે જૈન સમાજનું લક્ષ્ય મુનિસંમેલન ઉપર ખેંચાય તે વ્યાજબી નથી. એક તરફ તેઓમાંના એકનું અણશણવ્રત ચાલતું હોય અને બીજી બાજુ સંમેલન ભરાય તે અતિ અનુચીત ગણાશે. માટે સંમેલન હાલ બંધ રાખવું અથવા મુલતવી રાખવું અને શેઠ આણંદજી કલ્યાણજી, કોન્ફરન્સ, જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ વગેરેના પ્રતિનિધિઓની એક કોન્ફરન્સ તત્કાળ ગામણવાડજીમાં મેળવી યોગ્ય પગલાં લેવાં અને યોગીશ્વરની અતિ ઉત્તમ જીંદગીનો બચાવ કરવો." આ પત્રની નકલ કોન્ફરન્સ ઉપર પણ મોકલવામાં આવી છે. હજુજીની આ અપીલનો જવાબ શું મળ્યો તે હજુ જાણવામાં આવ્યું નથી પણ ગઇ કોન્ફરન્સની વર્કીંગ કમીટી ઉપરોક્ત પ્રશ્ન માટે મળી હતી, અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર તાર કરી કેસરિયાજી પ્રકરણ અને યોગીશ્વર શાંતિવિજયજીના અણશણવ્રત સંબંધી પ્રત્યુત્તર મંગાવ્યો છે. તેમજ તાત્કાલિક સંયુક્ત બેઠક ભરવાનો અભિપ્રાય દર્શાવેલ છે એ ઉપરાંત મુંબઇમાં શેઠ કીકાભાઇ પ્રેમચંદ તથા શેઠ શાન્તિદાસ આસકરણ વગેરે અગ્રેસરોને મળી કેસરિયાજી પ્રકરણમાં તેઓનો શો અભિપ્રાય છે ? તે જાણી પગલાં ભરવાં માટે વિચારણા ચાલી રહી છે. ટુંક સમયમાંજ આ બાબત માટે અગત્યનું પડશે, યોગીશ્વરના અણશણથી કેસરિયાજી સંબંધી આટલો ઉહાપોહ થયો છે. જો સમસ્ત સાધુ ગણ અણશણની ઘોષણા કરે, તો કેટલી સીનમારીઓ ઉડે ?

તીર્થ સંબંધીની આપણી આ કંગાલ દશામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પણ જવાબદાર છે. કારણ કે તેની સદી જુની પદ્ધતિ કોઇ મુત્સદ્દીને છાજે તેવી નથી. કોઇપણ કાર્યમાં સમુહ બળથી જે સંગીનતા આવે છે તે લાગવગ શ્રીમંતાઇ કે અધિકારીઓની ખુશામતથી આવતી નથી એ ખુબ ધ્યાનમાં રહે. આજે જો એ પેઢીએ આમ વર્ગને વિશ્વાસમાં લઇ આગળ પગલું ભર્યું હોત તો આ સ્થિતિ આવત નહિ, દરેક કાર્ય પાછળ સંગીન બળ હોય તોજ એ કાર્ય ફળીભુત થાય. હજુ પણ સમાજને એ જણાવવું જરૂરી છે કે તેમણે કેસરિયાજીના પ્રશ્નના સંબંધમાં કેટલી પ્રગતિ કરી ! સમાજને અંધારામાં રાખ્યે કંઇ દહાડા નહિં વળે. અમો ઇચ્છીએ છીએ કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યકર્તાઓ આ બાબત લક્ષમાં લે; અને સાથે સાથે યુવકોને પણ અમારે કહેવું જોઇએ કે કેસરિયાજી અંગે તેઓ શું કરી શકે ? તે સંબંધી વિચારણા કરી યોગ્ય રાહ નક્કી કરી આગળ ધપે.

---

## સૂચના

તંત્રી ખાતાને લગતો સઘળો પત્રવ્યવહાર નીચેને શીરનામે કરવો.

તંત્રી:—"તરૂણ જૈન"
ઠે:—૮૧. નાગદેવી ક્રોસલેન.
મુ. મુંબઇ નં. ૩.

**જોઇએ છે:—**

તરૂણ જૈન માટે વિશ્વાસુ ખબરપત્રીઓ અને સાચા સમાચાર આપનારા સેવાભાવી યુવકો, પોસ્ટેજ આપવામાં આવશે.

લખો:—વ્યવસ્થાપક તરૂણ જૈન
૮૧. નાગદેવી ક્રોસલેન
મુંબઇ નં. ૩.

# અમદાવાદનો......................પત્ર.

—અમદાવાદી.

ભાઇશ્રી !

તમારા તંત્રીપણા નીચે નીકળેલ "તરુણ જૈન"નો પ્રથમ અંક જોતાં એ ઉપયોગી થઇ પડશે એમ લાગે છે, રૂઢિચુસ્તો અને હાજી 'હા' કહેનારાઓના પેટમાં આ પહેલાજ અંકથી ફાળ પડી લાગે છે.

આપણા સમાજમાં જ્યારથી અમુક સાધુઓએ ગેરવ્યાજબી વર્તણુંકની શરૂઆત કરી ત્યારથી સમાજમાં મતભેદ અને ઘર-કલેશના દાવાનળની શરૂઆત થઇ. તેને શાન્ત કરી શાન્તિ સ્થાપવા કોઇ ઠેકાણેથી સાધુ સંમેલનના સુર નીકળતા અને શમી જતા. આખરે વડોદરા રાજ્યે અયોગ્ય દીક્ષા પ્રતિબંધનો કાયદો પસાર કર્યો, ત્યારે રૂઢિચુસ્તોએ સંમેલન માટે મંત્રણાઓ શરૂ કરી, દોડાદોડી આદરી અને મુનિ સંમેલન ભરવાની હવા ફેલાવી, ઘડીકમાં આશા અને ઘડીકમાં નિરાશામાં હવા પલટાતી. આખરે સમ્રાટ સૂરિના ત્રણ હજાર મૂર્તિઓના કરારથી બધું ઠેકાણે પડયું અને ખાનગીમાં તારીખ પણ નક્કી થઇ.

ત્રણહજાર મૂર્તિઓના કરારથી તમે ચમકતા નહિ, કારણ કે આપણા સમ્રાટસૂરિને કદંબગિરિને પાલીતાણા જેવું ભવ્ય બનાવવું છે, તેમ નવાં નવાં તીર્થો ઉભાં કરવાની મહેચ્છા છે એટલે ત્રણ હજાર મૂર્તિઓની જરૂરતો ખરીજ ને ? આથી ભકતો પાસે તેનું સાટું કરી જેપુર ઓર્ડરો અપાયા.

અમારા નગરશેઠ વિચારશીલ, મુત્સદ્દી અને શાણા છે, છતાં આવા જોખમદારી ભરેલાં પ્રશ્નના અંગે અમદાવાદના શ્રી સંઘની સંમતિ સિવાય અમુક શેઠીયાઓની સમંતિથી સંમેલનની જોખમ-દારી ઉપાડી બીજા આગેવાનો સાથે પાલીતાણા ગયા. સમ્રાટ-સૂરિને આગેવાની લેવા વિનંતિ કરી ને સૂરિજીએ હા પાડી કે તરતજ સંમેલનનું મુહૂર્ત એકજ મિનીટમાં ફાગણ વદ ૩ નું કહાડી આપ્યું. આથી ઘણાને નવાઇ લાગી કે આમાં કંઇ ભેદ છે ? શું પહેલેથી આ બાબત નક્કી તો નહી થઇ હોય ? અને વિધિ માટે આ ફારસ ભજવાયું હશે ? ગમે તેમ હોય પણ સંમે-લનના મુહૂર્તની તારીખ ફાગણ વદ ૩ બહાર પડી અને અમારા નગરશેઠે હિન્દુસ્તાનના જૈન શ્વેતાંબર મૂર્તિ-પૂજક સંઘને વિનંતિ કરનારૂં ટુંકું ને ટચ વિનંતિ પત્ર બહાર પાડયું. એટલે અમદાવાદના આંગણે ફાગણ વદ ૩ ના દિને સાધુ સંમેલન ભરાશે એ તો નિર્વિવાદ—છતાં તેના પરિણામ માટે લોકો અનેક પ્રકારના તર્ક વિતર્ક ઉઠાવે છે. કોઇ કહે છે—સમ્રાટસૂરિએ શ્રી સંઘની પ્રગતિ માટે સાધુ સંમેલન ભર-વામાં જે આગેવાની લીધી છે. તે માટે તેઓશ્રીને ધન્યવાદ ઘટે છે. આચાર્ય વિજય વલ્લભ સૂરિ જે દિવસે ભાવનગરમાં પધાર-વાના હતા તેના આગલા દિવસે સમ્રાટસૂરિ ઘોઘા તરફ કુચ કરવા કમર કસે છે; ત્યારે ભાવનગરના આગેવાનો વિનવે છેઃ "સાહેબ આવતી કાલે વિજય વલ્લભ સૂરિ પધારે છે. માટે આપ બે દિવસ રોકાઇ તેમની સાથે સાધુ સંમેલન અંગે ખાંચ છોડ કરશો તો કંઇક લાભ થશે," ત્યારે સમ્રાટ સૂરિ "આજનું મુહૂર્ત ચોખ્ખું છે" એમ મુહૂર્તના ઓઠા નીચે ભાવનગર છોડી જાય એ મનોદશા સમાજમાં શંકાનેજ સ્થાન આપે ને ?

કોઇ કહે છે—સમ્રાટ સૂરિને આમંત્રણ કરવા સીધાવેલ ત્રીસ ગૃહસ્થોમાંથી શ્રી વિજયવલ્લભસૂરિને આમંત્રણ આપવા નગરશેઠ, વૈરાટી અને સકરાભાઇ ત્રણજ જણ જાય એ પણ પ્રથમથીજ સંકુચિત મનોદશાનો પડઘો નથી પાડતું ?

કોઇ કહે છે—કેસરિયાજીના પ્રકરણે ગંભીર રૂપ પકડવાથી તોડ નહિ નીકળે તો શ્રી શાન્તસૂરિ ફાગણ સુદ ૧૩ ના દિને અનશન વ્રત લેવાના છે. તે સંબંધમાં ચેતવણીના રણશિંગા તરીકે શ્રી હંસા સાહેબ અને કોન્ફરન્સ ઓફીસે અત્રે તારો અને કાગળો લખ્યા છે. છતાં તે સંબંધમાં મૌનજ સેવાય છે એટલે આથી પણ કંઇક ગંભીર પરિણામની આશંકાઓ થઇ રહી છે.

રૂઢિચુસ્તો છડેચોક બોલે છે કે "વડોદરા નરેશે પસાર કરેલ સગીર દીક્ષા પ્રતિબંધ નિબંધ રદ કરાવવા સંમેલન ભરવાની મહેનત થાય છે" અને સંમેલન અંગે પાસમેલ પણ તેજ ભીરાદરોની છે. એટલે આ ધમાલ આ ખાતરજ કેમ ન થતી હોય ?

કોઇ કહે છે—પાટણ અને જામનગરના શ્રીસંઘે સાગરજી, લબ્ધિસૂરિ, રામવિજય અને પ્રેમવિજય વિગેરે કેટલાક સાધુઓને અસાધુ તરીકે જાહેર કર્યા છે. તેને આમંત્રણ કરવાથી સંઘે સંઘોની વચમાં કલેશ ઉભો થશે. બળતામાં ઘી હોમાશે અને એકબીજાની ભાવનાઓ તુટવાની પણ ધારતી લાગે છે.

કોઇ કહે છે—એકવાર આપણા મુનિવરોને ભેગા થવા દો, આંખેઆંખ મળવા દો એટલે આંખની શરમ લાગશે અને કંઇક રસ્તો કહાડી સમાજની ડુબતી નૌકા તારશે.

કોઇ કહે છે—કશું થવાનું નથી. જ્યાં પેટા મંડળનું ઠેકાણું નથી, જ્યાં એક બીજાના પેટમાં મેલ છે, જ્યાં ખરાને ખરૂં કહેનારાને બદલે પક્ષાપક્ષી છે, મ્હારૂં એ સાચું અને ત્હારૂં એ ખોટું એવી મનોદશા છે ત્યાં શું ઉકળવાનું છે ? ખાલી સામૈયાં જમણ વિ. પાછળ લાખોનો ધુમાડો થશે અને ફજેતી થશે કારણ કે સંઘ સત્તાની અવગણના કરનારનો મોટો ભાગ છે.

આ પ્રમાણે જેને ફાવે તેમ અનેક પ્રકારની શંકાઓ કરી જાય છે. અત્યારે તો ગામ હિલોળે ચડયું છે.

સાધુ સંમેલનની આવશ્યકતા છે. એકત્ર થવાની ખાસ જરૂર છે પણ મોં જોવા નહિ, આંખ મીંચાવવા નહિ, સમાજની ખરી કમાણીના પૈસાનો ધુમાડો કરવા નહિ પણ આજે સાધુસમાજમાં કુસંપનાં મૂળીયાં ઉંડાં ઉતરતાં જાય છે, ભ્રષ્ટાચારીઓ છડેચોક મોજ ઉડાવી રહ્યા છે, કોઇ શાસ્ત્રોના મનગમતા અર્થો કરી અનર્થો કરી રહ્યા છે, કોઇ અયોગ્ય દીક્ષા પાછળ ઘેલા બન્યા છે, કોઇ પદવીઓની પાછળ મોહાંધ થયા છે, કોઇ મંદિરોની મૂર્તિ-ઓમાં વધારો કરવામાંજ રચ્યાપચ્યા છે, કોઇને ગુરૂ બનવાની અને પોતાના મંદિરોની સ્થાપના કરવાની તાલાવેલી લાગી છે, કોઇ સ્વચ્છંદતા સાથે ગેરવ્યાજબી પ્રવૃત્તિઓ આદરી રહ્યા છે અને મોટા ભાગને ગુજરાતમાંજ ભરાઇ રહી મોજ માણવાનો રોગ લાગુ પડયો છે. આ પરિસ્થિતિ આજે સાધુ સમાજની છે. એટલે તેમાંથી સાધુ સમાજને ઉગારી લેવાની જરૂર છે અને તેના અમલ માટે સંઘના વડપણની જરૂર છે. જો સંઘ સત્તાનો સ્વીકાર કરવામાં ન આવે તો વડોદરાના સાધુ સંમેલને કરેલા ઠરાવોની જે સ્થિતિ આજે થઇ રહી છે તેજ સ્થિતિ આની પણ થાય. પણ હું ભૂલું છું. અત્રે એને લગતા એટલે સાધુ શુધ્ધિને લગતા ઠરાવો થાય એ તો અસંભવિત છે કારણ કે કોઇ કોઇને કહી શકે એવી શકિત ધરાવનારો માનવી દેખાતો નથી. સૌના પેટમાં દગો છે એટલે મને તો સાધુ સંમેલનનું ભાવિ ઉજળું દેખાતું નથી. બાકી સૌને સારી બુધ્ધિ સુઝે અને નિખાલસ ભાવે વિચારોની આપ લે કરી, સંમેલન સાધુ સંસ્થાની ઉન્નતિ માટે પાર ઉતરે તો સાધુ સમાજનું ભાવિ ઉજ્જવળ બનાવ અને આપણે એમ ઇચ્છીએ પરંતુ બાજી હવે બગડી તો સુધરવી મુશ્કેલ છે.

# "સાધુ સંમેલન અને સંઘ બંધારણ"

આજે આપણી સમક્ષ સાધુ સમ્મેલનને લગતા વિધવિધ વાતોના વાયરા વાઇ રહ્યા છે, એ પૈકી શું સત્ય છે અને શું અસત્ય છે એ તો આપણે ભાવિમાં જ નિશ્ચિત કરીશું. અત્યારે તો આપણે સમ્મેલન સફળ થવાને અંગે જે તટસ્થપણે વિચારો રજુ કરવાના હોય તે રજુ કરીએ એજ ઉચિત લેખાય,

આજના સાધુ સમ્મેલન સાથે સંઘ બંધારણ અને સંઘ સત્તાનો પ્રશ્ન અતિ વિકટ રીતે સંકળાઇ ગયો છે. એટલે સાધુ સમ્મેલનને આ વિકટ કોયડાનો ઉકેલ કઇ રીતે લાવવો એ ખાસ વિચારવા જેવી વસ્તુ છે. જો આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં સાધુ સમ્મેલન નિષ્ફળ નિવડે તો એ ધ્યાનમાં રાખી લેવું કે—એક જથામાં દેખાતો ચતુર્વિધ શ્રી સંઘ બે વિભાગમાં વહેંચાઇ જશે. એક તરફ શ્રાવક—શ્રાવિકા સંઘ રહી જશે અને બીજી તરફ સાધુ—સાધ્વી સંઘ રહી જશે. અલબત બન્નેય વિભાગમાં અમુક પ્રમાણમાં ભેળસેળ તો રહેશેજ, તેમ છતાં જે જે પક્ષમાં રહેશે તે, તેના તરફજ વજન આપશે. અહીં હું એ કહેવા જરાય પ્રેરાતો નથી કે—અમુક પક્ષ પ્રામાણિક છે કે અમુક પક્ષ અપ્રામાણિક. એ નિર્ણય તો સાધુ સમ્મેલનને એકત્રિત કરનાર અને તેમાં થનાર બુધ્ધિમાન અને સ્થિતપ્રજ્ઞ જ કરશે. મારૂં કહેવું માત્ર એટલુંજ છે કે—આજે જૈન સંઘને અમુક હદ સુધી જે બે વિભાગમાં વહેંચાયેલો જોઇએ છીએ એ બે ભાગલાઓ કાયમના થઇ ન જાય અને શ્રમણ ભગવાન વીર-વર્ધમાને એક જથામાં વ્યવસ્થાપિત કરેલ શ્રી સંઘનો એટલે કે સાધુસંઘ અને શ્રાવકસંઘનો પરસ્પરનો સદ્‌ભાવ ભર્યો સંબંધ જોખમાઇ ન જાય એ માટે ખાસ વિચારીને કામ લેવું. જો સાધુ સમ્મેલનના આગતાવળગતાઓ આ બાબત તરફ આંખ મિંચામણા કરશે તો તેનું પરિણામ અતિ કટુ આવશે. આ કારણથી મારી સાધુ સંમેલનની પવિત્ર યોજના માટે યત્ન કરનારાઓ પ્રત્યે નમ્ર વિનંતી છે કે—તેઓ આ પ્રશ્નનો ઉકેલ ખૂબ સાવધાનતાથી કરે. આ પ્રશ્નનો ઉકેલ લાવવામાં લુખા શાસ્ત્રો કામ નહિ આવે, પ્રાચીન પુરૂષોનાં નામો કે તેમનાં કામની લુખી વાતોય કામ નહિ આવે, પરંતુ પ્રાચીન પુરૂષોએ અર્થાત્ આચાર્યો અને શ્રાવકોએ વખતો વખત પરસ્પરનો મીઠો સંબંધ વધવા માટે એક બીજાનું ગૌરવ કેટલું વધાર્યું છે? અને એક બીજાનો મોભો જાળવવા કેટલી નમ્રતા અને કેટલી સરળતા દેખાડ્યાં છે એ વિચારવું પડશે.

આજે પાટણ અને જામનગરના શ્રી સંઘનો અને અમુક મુનિવરોનો પરસ્પરનો સંબંધ જે રીતે કડવાશ ભર્યો બન્યો છે અને તે સાથે જે એક બીજા ગામના શ્રી સંઘો અને મુનિવરોનો સંબંધ પણ આજે કડવાશમાં પરિણમતો જાય છે આ બધાનાં વાસ્તવિક કારણો તપાસી આ કડવાશનો અંત કેમ આવી શકે? એ વિચારવું અતિ આવશ્યક છે. સંમેલનના મૂળમાં આ પ્રશ્નના નિર્ણયને મુખ્યપણે અવકાશ હોવો જોઇએ જેથી જૈન શ્રી સંઘનું ઐક્ય અવ્યવચ્છિન્નપણે જે રીતે ચાલ્યું આવ્યું છે તેવુંજ ચાલુ રહે.

પ્રાચીન કાળમાં જ્યારે જ્યારે આવાં સંમેલનો ભરાયાં છે, ત્યારે ત્યારે ઉભય સંઘે અર્થાત્ સાધુ સંઘે અને શ્રાવક સંઘે એક બીજાનો મોભો જાળવીને અને સહકાર સાધીને જ વાતો કરી છે, અને એવાં સંમેલનોમાં સંઘ શાંતિનો કે સંઘના ઐક્યનો પ્રશ્ન મુખ્ય સ્થાને ન હોય તો એ સંમેલનની કિંમત પણ શી હોઇ શકે? જ્યાં સુધી પરસ્પરના હૃદયમાં શાંતિ ન આવી હોય, એક બીજા પ્રત્યે દૃષ્ટિમાં સ્નેહ વરસતો ન હોય કે પરસ્પરને એક બીજાની ધાર્મિકતામાં વિશ્વાસ સરખોય ન હોય ત્યાં સુધી એવા એકત્રિત થયેલા સમ્મેલન દ્વારા કાર્ય પણ શું થઇ શકે?

આજે અમુક પક્ષે અમુક સાધુઓને અધર્મી, નાસ્તિક, ઉત્સત્રભાષી આદિ વિશેષણોથી નવાજતો હોય, આખાય શ્રી સંઘને અધર્મી હાડકાના માળા તરીકેજ માનતો હોય અને તેની અવગણના કરતો હોય, આખાય યુવકવર્ગને ધર્મ વિરોધી તરીકે વગોવતો હોય એ પરિસ્થિતિમાં સમસ્ત શ્રી સંઘમાં પરસ્પરનો મેળ સાધવા માટે અને શાંતિ સ્થાપવા માટે કેવો માર્ગ લેવો જોઇએ એ ખાસ વિચારવા જેવું છે.

આજના સમ્મેલનમાં શ્રી સંઘની વ્યાખ્યા, તેની સત્તા અને બંધારણનો નવેસરથી નિર્ણય કરવાનો સમય આવી પડ્યો છે. જો પ્રાચીન કાળના ચાલ્યા આવતા રિવાજ પ્રમાણે એક બીજાની પ્રમાણિકતા ઉપર વિશ્વાસ રાખી એક બીજાનું ગૌરવ જાળવીને સમજાવટથી કામ લેવાયું હોય તો આજે આ પ્રશ્ને જે ઉગ્રરૂપ લીધું છે તે ન લેત હવે તો એ પ્રશ્ન એટલો વિકટ થઇ ગયો છે કે—એનો નિર્ણય કર્યેજ છૂટકો થઇ શકે. જો આ પ્રશ્ન અધુરો રહેશે તો સમ્મેલન પણ અધુરૂંજ સમજવું. જો શ્રીસંઘ બે ભાગમાં વહેંચાઇ જશે તો સાધુ સમ્મેલને કરેલા ઠરાવો કે નિયમો અધ્ધરજ લટકશે અને એની કશીજ કિમ્મત નહિ રહે.

મને તો લાગે છે કે—સમ્મેલન ભરાયા અગાઉ પાટણ અને જામનગરના શ્રી સંઘ સાથે જે મુનિવરોને કડવાશ ઉભી થઇ છે, તેનો ફેંસલો કરી લેવામાં આવ્યો હોત તો વધારે ઉચિત ગણાત. જેથી આ વિષમ પ્રશ્ન સમ્મેલનને હરકત કર્તા ન થાત. હજુએ સમ્મેલન ભરવાની તિથિને બદલીને આ બાબત તરફ લક્ષ આપવામાં આવશે અને એ માટે યત્ન કરવામાં આવશે તો વધારે ઠીક થશે.

આપણી પરાપૂર્વની ચાલી આવતી પ્રણાલી મુજબ મારો સામાન્ય અભિપ્રાય એવો છે કે—સાધુ સંઘે શ્રાવક સંઘનો મોભો જાળવવો જોઇએ અને એ રીતે શ્રાવક સંઘે સાધુ સંઘનો પણ મોભો જાળવવો જોઇએ. જો આ વસ્તુ બરાબર લાગતી હોય તો એ નિયમને અનુસરીને કોઇપણ બાબતનો મધ્યસ્થ તોડ લાવવો મુશ્કેલ નહિ થાય એમ મને લાગે છે. પણ જો પરસ્પર એક બીજાનો મોભો જાળવવા માટે ઇન્કાર કરવામાં આવશે તો આ પ્રશ્નનો ઉકેલ કોઇ રીતેય આવી શકે તેમ નથી.

આજે એ પ્રશ્ન વિચારવા જેવો છે કે— જો આજનો સાધુ સંઘ પૂર્વના સાધુ સંઘની પેઠે શ્રાવકસંઘની માન ગૌરવ વગેરે નહિ રાખે તો એ સાધુસંઘની માન ગૌરવ વગેરેને અત્યારનો શ્રાવક સંઘ પણ શી રીતે જાળવશે. જ્યાં વ્યક્તિ વ્યક્તિ એક બીજાનો મોભો જાળવે એ માટે શાસ્ત્રકારોએ અનેક જાતના નિયમો ઘડ્યા હોય ત્યાં આજે આખાય સંઘનો મોભો તોડવા પ્રયત્ન થાય એ કેટલે અંશે ઉચિત ગણાય? એ વિચારવુંજ જોઇએ.

પ્રાચીન ગ્રંથોનું અવલોકન કરતાં આપણને એવા ઉલ્લેખો મળી આવે છે કે—તે તે નગરના વાસ્તવ્ય સંઘોની સ્થાપેલી મર્યાદાઓ અને કાયદાઓને સાધુસંઘ પ્રમાણિત કરતો હતો. અને એ રીતે આજે પણ શ્રીસંઘની મર્યાદાઓને વખતો વખત માન્ય કરવામાં આવી છે અને માન્ય કરવીજ જોઇએ.

આજે વર્ષોથી સાધુ સંઘની જે અનાથ અને સ્વચ્છંદ દશા ચાલી રહી છે એ જોતાં એમ ચોક્કસ લાગે છે કે—એ અનાથ

# રાધનપુરના અવનવા.

આગના ચાર માસની અંદર કહેવાય છે કે રાધનપુરના આંગણે જૈન શાસનની શોભાની વૃદ્ધિ માટે ઉદ્યાપન અને બીજાં ધાર્મિક કાર્યોની પાછળ એક જંગી રકમ ખરચાવાની છે. ઉદ્યાપન ઉજવવાનું પ્રધાન ધ્યેય જ્ઞાન અને ચારિત્રની ભાવનાઓની જ્વલંત પ્રેરણા પ્રસરે, અને સમાજના અનુયાયીઓ અને શાસનની વધતી જતી શોભા જોઇ તેના પ્રસ્તુત પંથી તરીકેના સંસ્કારો દૃઢ થાય. પરંતુ જ્ઞાનની મુખ્ય ભાવનાને આપણે આ સ્થળે વિસરતા હોઇએ તેવું લાગે છે, જેઓ આ પ્રસંગો ઉજવવા ધારે છે તેઓને અમારી નમ્ર વિનંતી છે કે ખરચવા ધારેલી રકમની સાથે સાથે તેઓ રાધનપુરમાં તેજસ્વી યુવકો ઉત્પન્ન કરતી વિદ્યાભુવન નામની સંસ્થા છે કે જેની અંદર ધાર્મિક, સામાજિક અને વ્યવહારીક શિક્ષણ આપવામાં આવે છે તેવી એક ધાર્મિક સંસ્થાને પૈસાના અભાવે તુટી પડતી બચાવવાનું લક્ષ્યમાં લે તો વધારે સારૂં.

આ આવતા વૈશાખ મહિનામાં રાધનપુરમાં સુધારક ગણાતા શ્રીમંત જૈન ગૃહસ્થોને ત્યાં લગ્ન પ્રસંગો છે. તે પ્રસંગે તેઓ શ્રીમાનો તરફથી એક સારી રકમ ખરચાવા સંભવ છે અને તે પ્રસંગે રાધનપુરી જૈન શ્રીમંતો રાધનપુરમાં ભેગા થશે, તો આ સુધારક શ્રીમંત જૈન ગૃહસ્થો કે જેઓનો મૂળ ઉદ્દેશ કરકસર કરવાનો અને પુરાણી પ્રથાઓ નાબુદ કરવાનો છે તેઓ પોતાના ઘરથીજ પહેલ કરી નકામા ખરચા ન કરતાં તેને બદલે એક સારી જેવી રકમ વિદ્યાભુવનમાં લગ્ન પ્રસંગો ઉપર ભેટ આપી તેને પગભર થવામાં સહાયભૂત થશે એવી આશા છે. ખરેખર ખેદની વાત છે કે રાધનપુરી શ્રીમંતો કે જેઓ સખાવતે બહાદુર કહેવાય છે અને મુંબઇના દરેક બજારોમાં જેઓ અગ્રગણ્ય ભાગ ભજવે છે, તેઓ સુધારાના અને કેળવણીના પ્રખર હિમાયતી હોવા છતાં પોતાનાજ ઘરે પોતાના બાળકોને ભવિષ્યના શહેરીઓ બનાવવા માટે કોઇ પણ જાતનું કેળવણીનું સાધન નથી અને જે છે તે પણ નાણાંને અભાવે બંધ જેવી સ્થિતિમાં છે તો ઉપરોક્ત પ્રસંગ ઉપર રાધનપુરમાં એકત્ર થનાર શ્રીમંત ગૃહસ્થો તરફથી જરૂર વિદ્યાભુવનને પગભર કરવા માટે પ્રયત્ન કરવામાં આવશે અને વિદ્યાભુવનને એક બોર્ડીંગના રૂપમાં ફેરવી વિદ્યાર્થીઓને ફ્રી કેળવણી મળે એવી ગોઠવણ કરવા વિનંતિ છે.

૨. હાલમાં શ્રી વિજય વલ્લભસૂરિજી કે જેઓ આવતા ચોમાસા દરમ્યાન પંજાબ સંઘની પ્રચંડ વિનંતીથી પંજાબ ઉપડી જવા સંભવ છે, તેઓશ્રીને રાધનપુરના યુવાન બંધુઓ અને શ્રીમંત જૈન ગૃહસ્થોએ ખાસ મહેનત કરી આ વખતનું તેમનું ચોમાસું રાધનપુરમાં થાય એવી ગોઠવણ કરવી જોઇએ કે જેથી ઘણા લાંબા વખતે તેમના સમાગમનો રાધનપુરી જૈન પ્રજાને લાભ મળે.

૩. રાધનપુર શ્રી જૈન નૃત્ય ગાયન મંડળી આ વખતના નાતાલના તહેવારો ઉજવવા શંખેશ્વર મુકામે ગયેલ જે વખતે રાધનપુરના નામદાર નવાબ સાહેબ બહાદુરનો મુકામ પણ ત્યાંજ હતો. તેઓશ્રી તરફથી ઉપરોક્ત મંડળી જ્યાં સુધી ત્યાં રહે ત્યાં સુધી જમણ આપવા ફરમાસ કરી હતી. પરંતુ મંડળીએ ફક્ત એકજ જમણ સ્વીકાર્યું હતું, અને સાંભળવા મુજબ મંડળી શંખેશ્વરજી રહે ત્યાં સુધી શંખેશ્વરજીની આજુબાજુ કોઇપણ માણસ શિકાર ન કરે એવું ફરમાન બહાર પડયું હતું. શંખેશ્વરજીની નજીક ચાવેલ નામે ગામ શિકાર માટે ખાસ પ્રખ્યાત છે, તેમજ એજન્સીના યુરોપીયન અમલદારો વગેરે દરેક નાતાલ વખતે ત્યાં શિકાર કરવા આવે છે. તેવીજ રીતે આ વખતે પણ ત્યાં એકઠા થએલા પરંતુ નામદાર નવાબ સાહેબે પોતાની જૈન પ્રજાની લાગણી ન દુભાવવા માટે ઉપલું ફરમાન બહાર પાડી ખરેખર એક પ્રજા ભક્ત રાજવી તરીકે અમર નામના મેળવી છે અને ભવિષ્યમાં પણ શંખેશ્વર જેવા મહાન તીર્થની આજુબાજુમાં શિકાર ન થાય એવું ફરમાન બહાર પાડી પોતાની જૈન પ્રજાને નહીં પરંતુ સમસ્ત હિંદની જૈન પ્રજાને આભારી કરશે.

આજે કેટલા વખતથી રાધનપુર પાંજરાપોળનું કામ જૈનોમાં પડેલ મતભેદને અંગે બહુજ શિથિલ ચાલતું હતું જેથી તેને સારૂં નુકસાન થયું હતું પરંતુ ચાલુ વર્ષે તે કામ ઉત્સાહી કહેવાતા દરેક ભાઇએ પોતાના મતભેદને બાજુએ મુકીને એક સાથે હાથમાં હાથ મીલાવીને ઉપાડી લીધું હતું અને તેની શુભ નિશાની તરીકે રાધનપુર અને બીજા ગામોમાંથી આજે લગભગ પચાસ હજાર મણ ગવાર ભેગો કરવામાં આવ્યો છે અને હજુ ડેપ્યુટેશન તો દરેક ગામની મુલાકાત લઇ ગવારનો ખરડો કરી રહેલ છે અને સાંભળવા પ્રમાણે પાંજરાપોળને સારી મદદ મળી ગઇ છે. તો તેવીજ રીતે દરેક કાર્યો જો જૈન ભાઇઓ સાથે મળી કરે અને મતભેદને ભુલી જાય તો રાધનપુરમાં સુખના સૂર્યનો ઉદય થશે.

કેટલાક શ્રીમંત જૈન ગૃહસ્થો તરફથી રાધનપુરમાં ચાલતી આદિજીન સંગિત મંડળીને પણ ખાસ પગભર થવા માટે મદદ કરવામાં આવી છે.

કેટલાક વખતથી બંધ પડેલ કેળવણીનો ફેલાવો કરવાના ઉદ્દેશવાળુ સ્ટુડન્ટસ બ્રધરહુડ પણ ખોલવા માટે પ્રયત્ન ચાલુ કરવામાં આવેલ છે અને રાજ્યનો સહકાર મળી જતાં તેનું કામ શરૂ કરવામાં આવશે અને કેળવણીનો ફેલાવો કરવામાં તે સંસ્થા શક્તિવાન થાય એમ રાધનપુરના યુવાનો ઇચ્છે છે.

લી. રાધનપુરી.

---

દશામાંથી સાધુ સંઘને ઉગારી લેવા માટે તેના ઉપર શ્રાવક શ્રી સંઘનો પ્રામાણિક અંકુશ જરૂર હોવો જોઇએ.

આજે સાધુ સમ્મેલન ભેળવવા માટે અમદાવાદનો શ્રી સંઘ પ્રયત્ન કરી રહ્યો છે પણ જ્યાંસુધી તે, એક બીજા ગામના સંઘો સાથે ઐક્ય સાધી સાધુઓ ઉપરની કોઇની પણ શરમ રાખ્યા સિવાય પ્રામાણિક અંકુશ નહિ મુકે–મુકી શકે ત્યાંસુધી વર્ષોથી સ્વચ્છંદ બનેલ સાધુ સંઘ તેમના સરળ આમંત્રણને માન્ય કરી સમ્મેલનને સફળ બનાવવામાં સક્રિય ભાગ આપશે અથવા મદદ કરશે એ આશા કેટલે અંશે સફળ થશે એ તો ભાવિમાં જ તેઓ જોશે.

આજે શ્રીસંઘ જે સ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છે એના ઉપર અંકુશ મુકવા માટે કોઇનીયે તાકાત દેખાતી નથી, એનું વાસ્તવિક કારણ જો તપાસવામાં આવે તો તે માત્ર એકજ છે કે, શ્રાવક સંઘ પોતાનું ઐક્ય સાધી શક્યો નથી. આજે સમસ્ત શ્રી સંઘોનું ઐક્ય સ્થાપવા માટે શ્રાવક સંઘે પોતાનું ઐક્ય સાધવું અતિ જરૂરનું છે. એ ઐક્ય સત્વર સધાઓ એ આશા સાથે આ લેખ સમાપ્ત કરવામાં આવે છે. અને આ પછીના બીજા લેખમાં સંઘ બંધારણના અંગભુત તરીકે ગણાતી "સમ્મેલનમાં સાધ્વીઓનો અવાજ" ને લગતી કેટલીક હકીકતનું સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

પાટણ.

લેખક;

મુનિ પુણ્યવિજય.

## 'વર્તમાન જોગ'

આજના અનિશ્ચિત વાતાવરણમાં 'શું લખવું' એ પણ એક પ્રશ્ન નથી? સમાજની ડગમગ ડોલતી નૈયા કિનારે પહોંચશે કે ખડક સાથે અથડાઇ પાતાળે જઇ વમળમાં ફસાઇ સદાને માટે કાળ ઉદધિમાં સમાઇ જશે! 'શું થશે?' એ પ્રશ્ન કયા હૃદયમાં નહીં ઉદ્‌ભવતો હોય? પરંતુ ગમે તેવી સંશયાત્મક મનોદશા પ્રવર્તતી હોય, ગમે તેવી વિષમ પરિસ્થિતિ અસ્તિત્વ ધરાવતી હોય, કંકાગાર વાતાવરણમાંથી ગમે તેવા નિરાશાના સુર ઉઠતા હોય, ત્યાં પણ યુવાનોનો જીવન મંત્ર એકજ હોઇ શકે અને તે 'પ્રગતિ.'

ઘણાય દિવસોથી જેની આગાહીઓ થઇ રહી હતી તે 'મુનિ સંમેલન' હવે તુરતમાં ભરવાની જાહેરાત થઇ ચુકી છે. ખચીતજ 'શ્રમણ સંઘ' આવી રીતે એકત્ર થઇ વિચારણા કરતો થાય તે પ્રશંસનીય છે. પરંતુ મને લાગે છે, કે 'મુનિ સંમેલન' જો સફળજ બનાવવું હોય તો તે પહેલાં પ્રથમ 'આચાર્ય સંમેલન' થવાની જરૂર હતી. કારણ કે હજુ તો એ પ્રશ્ન ઉભો છે કે આપણા આચાર્ય મહારાજોમાં એકતા છે ખરી? સંમેલનના યોજકો યા વ્યવસ્થાપકોએ આ પ્રશ્ન વિચાર્યો હશે. કદાચ ઉંડાણ નહી માપ્યાં હોય! કારણ કે એક અદનો શ્રાવક પણ જવનિકા પાછળ ડોકીયું કરતાં જોઇ શકે છે, કે શ્રાવકોને 'વિતરાગતા'ના ઉપદેશ આપનારાઓનાં હૃદયને 'વિતરાગતા'ના પાસ નથી બેઠા. આવિધાન ભલે કટુ હશે પણ તેમાં સત્ય રહ્યું છે એ 'મુનિ સંમેલન'ની પૂર્ણાહુતિ થયે સહમજતાં વાર નહી લાગે?

તરૂણ મિત્રો, આપણી ફરજ સ્પષ્ટ છે. સમાજની પ્રગતિને રોકી બેઠેલી શ્રીમંતશાહી, આચાર્યશાહી અને રૂઢિવાદની જંજીરોને તોડવાનાં સ્વપ્ન સેવો છે ત્યારે નવી જંજીરો તો નથી ઘડાતી? વર્તમાન યુગનાં પ્રચાર સાધનો પ્રેસ અને પ્લેટફોર્મને મોઢે ડુચા દેવાની તરકીબો તો નથી રચાતી? જંજીરોના અંકોડા વધુ મજબુત બનાવવાના પ્રયત્ન તો નથી થતા? એટલી તકેદારી આપણે રાખવી પડશે. સમયે 'બળવો' પોકારવો પડશે, પછી તે ચાહે તે 'વ્યકિત' સ્હામે હોય!

જૈન યુવાનો ખૂબ યાદ રાખો કે, અનેકાન્ત દર્શનનો પેગામ તે મોતનો ડંકાગાર પંજો નથી; પણ પ્રત્યેક યુગને, પ્રત્યેક કલ્યાણકારી પરિવર્તનને પ્રત્યેક વિચાર ક્રાન્તિને–એટલે દરજ્જે તેમાં સત્યની ઝાંખી થાય તેટલે દરજ્જે તેને–મંજુર રાખનાર પ્રાણવાયુ છે. સર્વજ્ઞના શાસનોના મન ગમતા અર્થો કરવાની ચેષ્ટા ભલે થયા કરે પણ સ્હમજી લેવાય કે સર્વજ્ઞનાં શાસનો ત્રિકાલ બાધિત હોવા છતાં એ શાસનોને સ્હમજવામાં, તેનાં રહસ્યો ઉકેલવામાં આપણી અલ્પ બુદ્ધિ, એકલું અક્ષરજ્ઞાન, વેષ, પલ્લી કે શુષ્ક ક્રિયાઓ એ બધું એકાન્તે અપૂર્ણ છે, સાથે જરૂર છે–શુદ્ધ અંતરમાંથી ઉદ્‌ભવતી સ્વતંત્ર વિચારણાની સત્ય જ્યોતની–આત્માની ચિરાગનાં અજવાળાનાં સહકારની.

જૈન જગતપર આજે સ્થિતિ ચુસ્તતાનાં, વિચાર સંકોચ અને અંધશ્રધ્ધાનાં ઢીમ પથરાયાં છે, તેથી સ્હેજ પણ **આકળામણની** કે પીછે હઠ કરવાની જરૂર નથી. કારણ કે એ ઠંડી જડતાને ભેદવા–જરૂર છે જૈન સમાજમાં વિચાર ક્રાન્તિનાં અગ્નિનો ફેલાવવાનો પ્રબળ પ્રયત્ન કરવાની. તરૂણ જૈન જનતાને માથે આ જેવી તેવી જવાબદારી નથી. અને એ પણ સત્ય છે. કે આ જવાબદારી હવે તો ઉઘાડેજ ખુલ્લી છે. તરૂણ જૈનો પોતાનું કર્તવ્ય નહીં બજાવે?

૧૪-૧-૩૪. વિનયકાન્ત ગાંધી.

## સાહિત્ય સમીક્ષા:—

**મુનિરાજ શ્રી બુધ્ધિચંદ્રજીનું જીવન ચરિત્ર:**—લેખક:- શેઠ કુંવરજી આણંદજી. પ્રગટકર્તા:- શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. મું. ભાવનગર–કાઠીયાવાડ.

મુનિશ્રી બુધ્ધિચંદ્રજી મહારાજથી જૈન સમાજ ખૂબ સુપરિચિત છે, તેમનું વૈરાગ્યથી ભરપુર ચરિત્ર આમાં આપવામાં આવ્યું છે, શ્રીયુત કુંવરજીભાઇ ઉપરોક્ત મુનિશ્રીના સમાગમમાં ખૂબ આવેલ છે. એ સમાગમના સંસ્મરણો આમાં ખૂબ તાજા થયેલ છે. એકંદરે વૈરાગ્ય પિપાસુઓ માટે આ ચરિત્ર પ્રકાશન આવકાર દાયક છે.

**ધાનેરામાં અપૂર્વ ઉત્સવ અને સ્વ. સુરજમલભાઇ ઝવેરીને નિવાપાંજલિ:**— પ્રકાશક:- ધાનેરા સમિતિ. કિંમત ૦–૫–૦ પાંચ આના. C/O (સી) ન્યુ હેરાલ્ડ રોડ. દુકાન નં ૧૫૮, મુંબઇ નં. ૭

ઉત્તર ગુજરાતમાં પાલણપુર પાસે આવેલ ધાનેરામાં તા૦ ૨૫–૫–૩૩ ના રોજ એક ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. તેમાં સંવાદો. હાસ્યરસના પ્રયોગો અને ભાષણો થયાં હતાં તે સંબંધીના લેખો સાથે તેનું વર્ણન આ પુસ્તકમાં આપ્યું છે, સાથે કેટલાક તે પ્રસંગના ફોટાઓ પણ મુકવામાં આવ્યા છે. આમાં સ્વ. શેઠ સુરજમલભાઇને નિવાપાંજલિ પણ આપવામાં આવી છે અને તેમાં સ્વ. ના સંસ્મરણોઓને બહુ સારી રીતે સંકળવામાં આવ્યાં છે. એકંદર આ પુસ્તકની પાછળ ખુબ શ્રમ લેવાયો છે અને જેટલું બની શકે તેટલું સુંદર બનાવી જનતા સમક્ષ ધરવામાં આવ્યું છે. આ પ્રયાસ અભિનંદનીય છે, સો પૃષ્ઠો સાથે અનેક ફોટાઓ જોઇ પાંચ આના કિંમત નજીવી જણાય છે.

**વિજયનું રહસ્ય:**— લેખક અને પ્રકાશક:- શ્રીયુત માવજી દામજી શાહ. મુખ્ય ધર્મ શિક્ષક બાબુ. પી. પી. જૈન હાઇસ્કુલ મુંબઇ. મૂલ્ય ૦–૨–૦

લક્ષ્મી ઇચ્છતા યુવાનો માટે પ્રાથમિક કયા કયા ગુણોની આવશ્યકતા છે તે માટે લેખકે આ પુસ્તિકામાં ઠીક ઠીક પ્રયાસ કર્યો છે. લક્ષ્મીના ઉમેદવાર યુવાનો માટે આ પુસ્તિકા ખુબ ઉપયોગી છે.

**ગૃહસ્થ જીવન:**— લેખક અને પ્રકાશક:- શ્રીયુત માવજી દામજી શાહ. મુખ્ય ધર્મ શિક્ષક બાબુ પી. પી. જૈન હાઇસ્કુલ મુંબઇ મુલ્ય ૦–૩–૦ ત્રણ આના.

મધ્યમ કોટિનું ગૃહસ્થ જીવન સુખી કેમ બની શકે? તે માટેના આમાં વિચારપૂર્ણ ઉપાયો સુચવવામાં આવ્યા છે. આ નાનકડી પુસ્તિકા ગૃહસ્થ જીવન જીવીઓ માટે અતિ આવશ્યક છે.

**પાલણપુર નરેશને:**— લેખક:- રા. તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી. પ્રકાશક:- પાલણપુરી મિત્ર મંડળ દેવજી ભુવન, ધનજી સ્ટ્રીટ મુંબઇ નં. ૩

પાલણપુરના ના. નવાબસાહેબને અનુલક્ષીને ભાઇ તારાચંદે 'પ્રબુધ્ધ પાલણપુર' માં એક પત્ર પ્રગટ કર્યો હતો, એ પત્રને ટ્રેક્ટના રૂપમાં બહાર પાડવામાં આવેલ છે. પત્ર [illegible] નિડરતાથી લખાયો હોઇ અત્રેજ ઉપયોગી છે. તેમાં પાલણપુર સ્ટેટના ખાતાઓની સાચી સમીક્ષા કરવામાં આવી છે. ના. નવાબ સાહેબ આ પત્ર ઉપર ધ્યાન આપે તોજ પત્રનો ઉદ્દેશ પાર પડે. સમસ્ત પાલણપુર સંસ્થાનના વાસીઓ માટે આ ટ્રેક્ટ ઉપયોગી છે.

# નૂતન સમાચારો

અમદાવાદ—મહાશુદિ બીજના અત્રે શ્રી સંઘની એક મીટીંગ બોલાવવામાં આવી હતી કે જેમાં લગભગ સોથી સવાસો માણસોની હાજરી હતી. કામનો પ્રારંભ કરતાં શ્રીયુત નગરશેઠ કસ્તુરભાઇ મણીભાઇએ જણાવ્યું હતું કે હું કેટલાક આગેવાનો સાથે કેટલાક આચાર્યોને મળી આવ્યો છું અને બીજા કેટલાક આચાર્યોને વિનંતી કરવા જવાનો છું. તે સિવાય પાટણ જામનગર અને ખંભાતના શ્રી સંઘો વગેરેનું સમાધાન કરવાનો હું યત્ન કરી રહ્યો છું સમાધાન થાય તો બહુ સારી વાત છે." અહિં દરેક નાતમાંથી સોએ દશ ટકા પ્રતિનિધિ સ્વાગત માટે લેવા ઠરાવ્યું હતું મીટીંગનું કામ લગભગ અડધા કલાકમાં ખલાસ કરી આદેશ્વર ભગવાનની જે બોલાવી મીટીંગને બરખાસ્ત કરવામાં આવી હતી. અમદાવાદ જેવી જૈન પુરી કે જ્યાં લગભગ જૈનોના વીસ હજાર ઘર છે ત્યાં શ્રી સંઘની મીટીંગમાં આવી કંગાળ હાજરી આશ્ચર્યજનક ગણાય. આથી સંમેલન માટે ત્યાં કેવોક રસ છે તે જણાઇ આવે છે. આ સંમેલન પાછળ કોઇ ભેદી રમત રમાઇ રહી છે, જનતાને એમ લાગે છે કે આ સંમેલન વડોદરાનો દીક્ષાનો કાયદો રદ કરાવવા માટેજ મેળવવામાં આવે છે.

—વડોદરા— સરસુના શ્રીયુત મણીલાલ ભાઇભાઇ નાણાવટીએ પોતાની પુત્રીને જ્ઞાતિ બહાર પરણાવવાથી તેઓશ્રીનો તથા લગ્નમાં ભાગ લેનાર તેમના કુટુંબીજનોનો જ્ઞાતિએ દંડ કર્યો છે. આથી રા. મણીલાલભાઇએ જ્ઞાતિના આગેસરો ઉપર અમદાવાદની કોરટમાં રૂ. એકનો આંક ભરી ફરીયાદ નોંધાવી છે.

પુના— અત્રેના એક બંધુ લગભગ પાંચેક હજાર માઇલની હિંદુસ્તાનની મુસાફરી પગે ચાલીને કરી હમણા પાછા ફર્યા છે, તેમનો બહુજ સારો સત્કાર થયો હતો.

ઘાટકોપર :— પં. ભક્તિ વિજયજી મહારાજ અત્રે બે ત્રણ મુમુક્ષુઓને દીક્ષા આપવાની પેતરણમાં પડ્યા હોય તેમ જણાય છે, એક વખત વ્યાખ્યાનમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે અમદાવાદમાં મુનિ સંમેલન ભરાઇ રહ્યું છે, ત્હેમાં મારે જવું જોઇએ પણ તમે જો અહિં આ બંધુઓને દીક્ષા અપાવવાનો પ્રબંધ કરતા હો તો સંમેલનમાં ભાગ લેવાની મારી ઇચ્છા નથી, જૈન સાધુઓનું કેવા પ્રકારનું માનસ છે. તે જાણવા માટે આ દાખલો બસ થશે દીક્ષાઘેલા સાધુઓને શાસનની કશી પડી નથી ત્હેમને તો એકજ ધૂન લાગી છે કે કઇ રીતે અમારો પરીવાર વધે?

---

યુવક :— (સમાજ અંક) વર્ષ ચોથું. અંક. પેહેલો. તંત્રીઓ:— શ્રીયુત મુનીલાલ પેરીન્દ્ર-નર્મદાસ શાહ વડોદરા:— શ્રીયુત મોહનલાલ ભાણુભાઇ પટેલ. વડોદરા. કિંમત ૦—૮—૦

મહા ગુજરાતનું ઉપરોક્ત માસિક આજે ચાર ચાર વર્ષથી ગુજરાતની સેવા બજાવી રહ્યું છે. સામાજીક ક્રાન્તિ માટે 'યુવક' ગુજરાતને અપૂર્વ ફાળો આપ્યો છે, ચાલુ વર્ષના પ્રથમ અંક પાછળ 'યુવક'ના તંત્રીઓએ ખૂબ મ્હેનત લઇ ત્હેને સમાજ અંક તરીકે જનતાને ચરણે ધરી અસાધારણ સેવા બજાવી છે. જુદી જુદી [illegible] એ લખાયેલ ક્રાન્તિકારક લેખોની પસંદગી કરી આ અંકને ખૂબ સમૃધ્ધ બનાવવામાં આવ્યો છે, અમે દરેક સામાજીક ક્રાન્તિ ઇચ્છતા બન્ધુઓને આ અંક વાંચવાની મજબુત ભલામણ કરીએ છીએ.

કુદરતનો કારમો પ્રકોપ:—બંગાળ, બીહાર અને ઓરીસા કે જ્યાં એક વખત કરોડો જૈનોની વસ્તિ હતી અને ગૌતમ ઇન્દ્રભૂતિના પચાસ હજાર શિષ્યો વિચરી અહિંસા મહાધર્મનો વાવટો ફરકાવતા હતા, તે ભૂમિમાં કુદરતો કારમો પ્રકોપ આજે ઉતરી રહ્યો છે, ધરતીકંપથી લાખો માણસો પાયમાલ થયાં છે, હજારો માણસો મરી ગયાં છે અને હજારોને ઇજા પહોંચી છે. કોઇ મહા પ્રલયકાળ આવી પહોંચ્યો હોય તેમ મોંઘીર અને મુજફરપુર જેવા માતબર અને રમણીય નગરોનો નાશ થયો છે, એકપણ ઘર બચવા પામ્યું નથી. લોકો ઘર છોડી કડકડતી ટંડીમાં મેદાનનો આશરો લઇ રહ્યાં છે ત્હેની આજુ બાજુના ગામડાંની બહુજ કરૂણાજનક સ્થિતિ છે. જે ધરતીકંપથી બંગાળા અગાધ પાણી પણ જમીનમાં ગરક થઇ ગયાં હતાં એ ધરતીકંપે શું અત્યાચાર નહિ કર્યો હોય! એની કલ્પના કરવી પણ અત્યંત ભયંકર છે. રાહતનું કાર્ય ચાલુ થયું છે પણ કુદરતના પ્રકોપ સ્હામે માનવીનું શું ગજું!

વેરાવળ—અત્રેથી ગીરનારની યાત્રા માટે અનેક સ્થળે નામના (?) મેળવેલ મોહનસૂરિના નેતૃત્વની નીચે છરી પાળતો સંઘ નીકળ્યો હતો અને ગામોગામ સંઘ જમણો થયાં હતાં. આવા આર્થિક બેહાલીના સમયમાં આવો હજારો રૂપીઆનો દુર્વ્યય અસ્થાને છે. શું સંઘ કાઢનાર ભાઇઓને સમાજની કરૂણ દશાનો જરાયે ખ્યાલ નથી? જુનવાણી સ્વરૂપો જ્યાં સુધી સમાજમાં અસ્તિત્વ ધરાવે છે ત્યાં આવા નિરર્થક વ્યયો અનિવાર્ય છે.

# યુવકોને આહ્‌વાન—

આજે સમાજમાં મુનિ સંમેલનના પડઘમ જોરશોરથી વાગી રહ્યાં છે, ચારે તરફ વિધ વિધ પ્રકારના તર્ક વિતર્કો થઇ રહ્યા છે, મુનિ સંમેલન તરફ સમાજનો મોટો ભાગ આશંકાની નજરે નિહાળી રહ્યો છે, કલેશ, કંકાશ અને અશાંતિનું વાતાવરણ પ્રસરી રહ્યું છે, અને કેસરીયાજી પ્રકરણ જેવાં તીર્થ પ્રકરણોનાં પ્રશ્ન અતિ વિકટ બની રહ્યો છે ત્યારે યુવક સંઘોને મૌન કેમ પાલવી શકે? યુવાનો ઉપર તો સમાજની ખુબ આશાઓ છે, યુવકો એ સમાજના હાથપગ છે, હાથપગ વગરનું કલેવર શું કરવાનું હતું! હવે ચુપકીદી તોડવાનો સમય આવી લાગ્યો છે, સમાજનું ભાગ્યવિધાન યુવકો ઉપરજ નિર્ભર છે. ત્હેમણે હવે તૈયારી કરવી ઘટે.

સારાયે જગતમાં એ વસ્તુસ્થિતિ ઉપસ્થિત થઇ છે કે નવલોહિયા યુવકો શિવાય એ પરિસ્થિતિનો કદાપી અંત આવી શકેજ નહિ, દરેક સમાજો અને જ્ઞાતિઓની એ દશા છે, અને યુવકો તેમાં આગેવાની લઇ રહ્યા છે, આપણા સમાજની આગેવાની પણ હવે યુવકોએ લેવાની ઘડી આવી લાગી છે જે જવાબદારી આજે યુવકો ઉપર આવી પડી છે. ત્હેને સંપૂર્ણપણે અદા કરવાને યુવકોએ જરૂર તૈયાર થવું જોઇએ. સૌથી પહેલાં દરેક ગામના યુવક સંઘોએ નવેસરથી મુનિસંમેલન સ્હામે પોતાનો અવાજ રજુ કરવાની જરૂર છે, મુનિ સંમેલન સંબંધી યુવકોની શી માન્યતા છે. તે જનતા સમક્ષ જાહેર કરવી જોઇએ કે જેથી જનતા ભ્રમણામાં ન પડે અને સાથે સાથે આત્મભોગ આપવાની ભાવના કેળવી મેદાનમાં આવવાની આવશ્યકતા છે. નિષ્ક્રિયતા નહિ ચાલી શકે.

યુવક

# રાજનગરની રંગભૂમિમાં—

—મણીલાલ એમ. શાહ.

ભાઇશ્રી,

ઘણાં લાંબા વખતથી શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ સંમેલન ભરવાના ભણકારા વાગી રહ્યા હતા આચાર્ય શ્રીનેમિસૂરિ પાસે શાસનપક્ષી ભાઇઓના આગગણ્ય નેતાઓની દોડધામ શરૂ થઇ હતી. ના. ગાયકવાડ સરકારે બાળદીક્ષાનો કાયદો અમલમાં મુકવાની જાહેરાત કરતાની સાથેજ આ દોડધામ શરૂ થઇ અને સમાજના નામે ગમે તે ભોગે સાધુ સંમેલન મેળવવા તાલાવેલી લાગી, કેટલીક ધામધુમ ભાષણો, વચનો વિગેરે આપીને એને માટે આ. નેમિસૂરિને અમદાવાદના નગરશેઠ મારફતે સંમેલન ભરાવાનું જાહેર આમંત્રણ અપાયું અને ફાગણ વદી ૩ની તારીખ એને માટે જાહેર કરવામાં આવી. આ આખા પ્રકરણને અંગે અનેક પ્રકારના દાવપેચ ખેલાયા છે જે હું આપને હવે પછી જણાવીશ પણ હમણાં મારા ઉપર આપે જે જવાબદારી નાખી છે એટલે કે મ્હારી અમદાવાદની મુસાફરીમાં સાધુ સંમેલન અંગે જે કાંઇ માહિતી મળે તે લખવા કહેલું, તેને લગતી કરેલી તપાસનું પરિણામ નીચે મુજબ છે. જે જનતાની જાણ માટે જાહેર કરવાની આવશ્યકતા છે.

(૧) સૌથી પ્રથમ જૈનપુરી ગણાતા અમદાવાદમાં આ સંમેલન ભરાવાનું છે એવી જાહેરાત થયા પછી અમદાવાદના જૈન ભાઇઓમાં જે ઉત્સાહ હોવો જોઇએ તેવાં કોઇ ચિન્હ જણાતાં નથી. ફક્ત ગણ્યાં ગાંઠયા શાસન પક્ષી ભાઇઓ આ બાબતમાં નગરશેઠને મળીને સંમેલનના અંગે થતા કામકાજની ખબર મેળવવા જાસુસી રૂપે આવે જાય છે. નગરશેઠ ચેતે તો વધુ સારૂં.

(૨) અમદાવાદના જૈન ભાઇઓ કહે છે કે અમદાવાદના સંઘના નામે આમંત્રણ આપ્યું છે. પરંતુ એકપણ વખત સંઘને બોલાવવામાં આવ્યો નથી તેમજ તેમની આગળ સાધુ સંમેલન ભરવા સંબંધી કાંઇપણ કહેવામાં આવ્યું નથી તથા ઓઇચ્છા—ખર્ચા અંગે પણ કહેવામાં આવ્યું નથી, એટલે તેઓનું માનવું આ સંમેલન તરફ તદ્દન બેદરકારી ભર્યુંજ જણાય છે. કારણ કે તેઓ માનેછે કે પાંચ પચીસ ભાઇઓને અમદાવાદના નામે આમંત્રણ કરવાનો કોઇ અધિકાર નથી. નગરશેઠ પોતાના નામે આમંત્રણ આપી શકે પણ જો અમદાવાદના નામે આમંત્રણ આપવાનું હોય તો અમદાવાદના જૈન ભાઇઓની સંમતિ પહેલેથી સંઘ મેળવી તેમણે લેવી જોઇતી હતી.

(૩) વળી સાધુ સંમેલનના અંગે જે ખરચો થવાની વાત બહાર આવી છે તેથી પણ કેટલા વિચારવંત અગ્રગણ્ય ભાઇઓ મોંઢી ઉઠેલા છે, અને સમાજની કંગાલીયતમાં વધારો થાય એવા ખરચાળ માર્ગો તરફ પોતાનો અણગમો દેખાડે છે.

(૪) સંમેલનને માટે આ. નેમિસૂરિ પાસે આમંત્રણ આપવા જનાર ગૃહસ્થોમાં પણ આ સંમેલનની સફળતા વિષે શક છે. કયા મુદ્દાઓ ઉપર ચર્ચા અને નિરાકરણ કરવાં સંમેલન મળવાનું છે તેની તેઓને પણ ખબર નથી. તેઓ કહે છે કે અમને દબાણથી કહેવામાં આવ્યું અને અમો શરમની ખાતર ગયા.

ઉપરની તપાસના અંગે મ્હારો વિચાર ખુદ નગરશેઠને મળી આ બાબત ઉપર કાંઇ વધુ પ્રકાશ મેળવી શકાય તો સારૂં એમ સમજી તેમની મુલાકાત લેવાનો વિચાર થવાથી હું નગરશેઠને મળ્યો. લગભગ કલાક સવાકલાકની લાંબી વાતચીતના અંગે નગરશેઠ તરફથી નીચેની બાબતોના ખુલાસા મળ્યા.

સ. સાધુ સંમેલન ભેળવવા પ્રયત્ન કરવાનું કારણ ?

જ. લાંબા વખતથી સાધુઓ જુદીજુદી રીતે ઉપદેશ આપતા હતા તેથી એક સરખો ઉપદેશ બધા સાધુઓ તરફથી અપાય એ નક્કી કરવા.

સ. ભાવનગર મુકામે આ. નેમિસૂરિ આ. વલ્લભસૂરિને મળી શકત છતાં નેમિસૂરિ કેમ ન મળ્યા ?

જ. તેને માટે શ્રાવકોની કસુર છે. બંન્ને આચાર્યો મળી શકે તેવો પ્રયત્ન રા. મોતીચંદ કાપડીઆ કરે છે એમ જાણવું છે. તમો મુંબઇમાં એ સંબંધી તેમને મળી ખુલાસો મેળવી શકશો.

સ. સંમેલનમાં ચર્ચવાના મુદ્દાઓ કાંઇ નક્કી થયા છે કે ?

જ. ના. એ મુદ્દાઓ તો આચાર્યો ભેગા થઇ નક્કી કરશે.

સ. આચાર્યો ક્યારે ભેગા થવાનું આપ ધારો છો ?

જ. લગભગ મહાવદમાં.

સ. કોણ કોણ આવશે ?

જ. હું નક્કી કહી શકું નહિં.

સ. સાંભળ્યું છે કે જુદા જુદા ગામના સંઘોને આપ આમંત્રણ આપવાના છો.

જ. હા, તે ખરૂં છે.

સ. જુદા જુદા સંઘોને આમંત્રણ આપવાનું કારણ ?

જ. તેઓ ભેગા થએલા મુનિરાજોના દર્શનનો લાભ લે અને સંમેલન જે ઠરાવો કરે તે તેઓની આગળ વાંચી સંભળાવવા માટે.

સ. આ ઠરાવોમાં સાધુ શ્રાવક બેઉના હિતના ઠરાવો હોય તો આવેલા સંઘો તેમાં કાંઇ ફેરફાર સુચવી શકે અને કરાવી શકે કે ?

જ. ના. તેઓથી તેમ થઇ શકે નહિ. અમલ કરવો ન કરવો તેમની મુન્સફીની વાત છે.

સ. આપને નથી લાગતું કે આમ કરવાથી તો હાલના કોઇપણ ઝગડાનું પરિણામ સમાધાનમાં આવી શકે નહિ અને ઝઘડાઓ ઉભા રહે.

જ. હા. તેમ થાય ખરૂં પણ ઝગડાઓ ચાલુ રહેવાના. માનવ સ્વભાવજ ઝગડાળુ છે. કોઇ સદીમાં ઓછા ઝગડા હોય છે.

સ. આ સંમેલનમાં દરેક સાધુ આવી શકશે કે ?

જ. હા, પણ જે સાધુ આચારથી ભ્રષ્ટ હશે તે તો નહિંજ.

સ. આપને કોઇ એવી રીતે પુરવાર કરી ખાત્રી કરી આપે કે અમુક સાધુ કુદરત વિરૂધ્ધ કૃત્ય કરે છે તો તેને આપ ભ્રષ્ટ ગણો કે નહિં ?

જ. આના માટે નિર્ણય કરવાનું મારા માટે મુશ્કેલ છે. બાકી એવા ભ્રષ્ટ ગણાયજ.

સ. સંમેલન નિષ્ફળ નિવડે તો આર્થિક મંદિના વખતમાં કરેલા ખર્ચો માટે આપ શું ધારો છો ?

જ. લાખ બે લાખનું પાણી થાય એમ તો જરૂર કહું અને બીજો સમાજ આપણુંને હસે પણ ખરો પણ આ અખતરો છે, અને એવા અખતરામાં વખતે લાખ બેલાખ ખરચાય તો તે ગણાની લેવા જેવું ગણાય.

લાંબી વાતચીતનો ટુંકસાર ઉપરના સવાલ જવાબમાં આપ્યો છે. પછી હું મુનિ વિદ્યા વિજયજી મહારાજ કે જેઓ હાલ આ બાબતમાં અમદાવાદમાં ચર્ચાઓ કરે છે. તેઓની પાસે કાંઇક જાણવા માટે ગયો. તેઓશ્રી એ કહ્યું કે સાધુ સંમેલન ભેગું ભરાય તો હરકત નહિં પણ તેની સફળતા માટે તો સંમેલન મેળવવા ઇચ્છતા સાધુ અને શ્રાવકોએ પુરો અને મગિરથ પ્રયત્ન કરવો જોઇએ. જાતે જઇ દરેક અગ્રગણ્ય સાધુઓને મળવું જોઇએ. તેઓની પાસેથી વિરૂધ્ધ અને તરફેણની દલીલો, વાતચીતના મુદ્દાઓ સાંભળી, એક બીજાને સમજાવી, સંમેલન તરફ પ્રેમ દેખાડે તેમ કરવું જોઇએ. પણ આમાનું કાંઇ થયું નથી.

# જાગૃત સમાજ એ દંભ નહિ ચાલવા દે !

—શાન્તિકુમાર.

જૈન સમાજમાં દીક્ષાની ઘેલછા અને ધર્માન્ધતા છેલ્લા થોડાક વર્ષોથી ઝુંબ વ્યાપી, એથી કલહનાં મૂળ ઘરઘરમાં નંખાયાં. સામાજિક તેમજ ધાર્મિક જીવનમાં અસ્તવ્યસ્તતા પ્રસરી અને નિર્નાયકતાનો લાભ લઇ ધર્માન્ધ સાધુઓએ વિષના મૂળ ઉંડા નાખ્યાં. એથી પિતા મહાવીરનો ખીલેલો હરિયાળો બાગ વેરાન થવાની ઘડી પર આવી પહોંચ્યો. આ બધું આમને આમ ચાલ્યાજ કરે તો સમાજનો નાશ નજદિકના ભાવિમાં આવી પહોંચે એ નિર્વિવાદ હતું ચાલી રહેલી આ અરાજકતા મિટાવવા એકજ રસ્તો રહ્યો હતો અને તે ! સાધુ સંમેલન.

એ માટે સૌ કોઇ પ્રમજતું કે ઉચ્ચ ભૂમિકા તૈયાર કરી મધ્યસ્થતા જાળવી એક ચોક્કસ આચાર્યોની ગોઠવણી ભરવી અને તેમાં દરેકનાં હૃદય અરસપરસ મળે, પુખ્ત વિચારણા કરે, પ્રથમ પાટણ અને જામનગરના ઝઘડા પતાવી પછી કલહ ન વધે ને સમાજમાં શાન્તિ ફેલાવે તેવી યોજના તૈયાર કરી તે સૌની સહી અનુસાર જૈન. શ્વે. મૂ. મુનિ સંમેલન અમદાવાદ યા અન્ય સંઘના નગરશેઠની સહી સાથે ભરવું. આમ થાય તોજ સમાજ પ્રગતિમય બને અને ચિરંજીવ શાન્તિ શ્રીસંઘમાં ફેલાય. પણ આજે વસ્તુ સ્થિતિ તદ્દન વિપરીત બની. ઉપર મુજબની કશી પણ પ્રાથમિક તૈયારી વગર અમદાવાદના નગરશેઠ અમુક માણસો સાથે ગુફતેગો કરી પરંપરાની રીત મુજબ આપમેળે આગેવાની લઇ આ. નેમિસૂરિ પાસે મુહૂર્ત કઢાવવાના અને આમંત્રણ બહાર પાડવાના સ્વાંગ સજી બહાર આવે છે, ને ! સમાજનો પ્રત્યેક વિચારશીલ માનવી આ નવા નાટકથી મુગ્ધ બની જાય છે.

આ આખાય નાટકની પાછળનો ઈતિહાસ જોશો તો જણાશે કે કહેવાના ધર્મીઓનું કેવળ કાવત્રું છે. સંમેલનના નામે ભેગા થઇ મન ગમતા ઠરાવો કરવાનું, આખા સાધુ સમુદાય અને સમાજના નામે ચેલાચેલીની પાગલતા નિભાવવાનું, સુધારકો સામે બહુ રચના કરવાનું, શડયંત્ર છે. સાધુ સંમેલન ભરી તેઓને નથી શિથિલાચારીઓને કાઢવા, કે નથી ગોચરી કે વંદન વ્યવહારમાં ઉદાર બનવું, નથી સમયોચિત ધાર્મિક સુધારણા કરવી કે શિષ્યોની ઘેલછા મિટાવવી, તેમ નથી શ્રી સંઘની કે તેમની ઉન્નતિ થાય તેવાં પગલાં લેવાં અગર સાધુ સમાજનું સંગઠ્ઠન કરવું. કેવળ હતા ત્યાંના ત્યાંનું સૂત્ર સન્મુખ રાખી મનફાવતી રમતો રમવી છે. આજનો જાગૃત સમાજ આવા દંભ નહિ ચલાવી લે !

સમાજને વિશ્વાસમાં લેવો હોય, સાચેજ શાન્તિ ફેલાવવાની તમન્ના જાગી હોય તો હજી વહી ગયું નથી. મતમતાંતર છોડી ઉદાર ભાવે કામ ક્યો, ભલે બે માસ મોડું થાય પણ વ્યવસ્થિત મુનિશ્રી વિદ્યાવિજયજીએ બતાવેલ યોજના અનુસાર યા અન્ય રીતે સૌને સાથે લઇ વિશ્વાસ સંપાદન કરો, નહિતો ? આગેવાનીના ફુટવા ઢોલ નભનાર નથી. આર્યાવર્તના સમસ્ત જૈન સંઘના નામે પોલ ચલાવવાના, સત્તા ચલાવવાના, ધમકીઓના, દિવસો હવે વહી ગયા છે. એનાથી કોઇ ડરવાનું નથી. આજે કદાગ્રહે ! પોઠણું કે જામનગર સંઘનું અમદાવાદનાં નગરશેઠ અપમાન કરી સંઘ બહાર કરેલા સાધુઓને આમંત્રણ આપશો, સત્કાર કરશો, તો યાદ રાખજો કે આવતી કાલે તમારી કિમ્મત કોડીની થશે, અને સંઘ સત્તા જેવી વસ્તુ નહિં રહે. આજે તમે જેવું વર્તન બીજા સંઘો તરફ રાખશો તેવુંજ વર્તન દરેક સંઘ અમદાવાદના સંઘ તરફ રાખશે, શંકાની નજરે જોશે અને આગેવાનીની રહી સહી પ્રતિષ્ઠા પણ જશે.

યુવાનો, સુધારકો આવતી કાલની આશા છે, તેમને તરછોડી ક્યાં લગી તમે રોકી શકવાના ? એ મોટા ભાગનો એક સમૂહ છે. દુનિયા પ્રગતિનાં પંથે કુચ કદમ કરે છે, એ બધું અટકાવી શકાશે નહિ. સાચેજ સમાજને વ્યવસ્થિત કરવો હોય તો ભોરંગે ચઢેલા નાવને કુશળ નાવિકની જેમ બુધ્ધિનો ઉપયોગ કરી કિનારે પહોંચાડવા વિચારો. એમાં કહીવાના જુના કે સુધારકની ગરાગત ટકશે નહિ. એ નકલી ગરાગતો ઉલટું નાવ ડુબાડશે.

આટલા પડઘમ છતાં આ નાટકના સૂત્રધારો નજ સાંભળે તો જૈન આલમના યુવાનો ! રખે આ જાળમાં ફસાતા. તમારા આત્માને પૂછી કુચ કદમ કર્યે રાખો. વિજય તમારોજ છે. આજની કરોડરીની પણ સુંપણીહિ તોડી ખેદ વગરના એક પક્ષીય સંમેલનના ઉભા કરેલા તૂતનો સામનો કરી બાજીગરોની રમત ખુલ્લી પાડો, તમારો અવાજ વ્યક્તિગત કે સામુદાયિકરીતે બહાર પાડો, સ્પષ્ટ મંતવ્ય રજુ કરો, અને સાધુશાહી, શ્રીમંતશાહી અને એક હથ્થુ કારડે સમાજનું નાવ ચલાવવા ઇચ્છતા પરેલીઆઓને પડકારી સાફ સાફ સુણાવી દો કે જ્યાં સુધી હૃદય પલટો ન થાય, દંભ લુંટાણા કે દાવપેચની રમતો રમાશે ત્યાં લગી આવા અનેક સંમેલનો બોજારૂપ **અને ભય સમાન છે;** એવાં સંમેલનોમાં અમારો સાથ નથી. અમારે તો મલીન તત્ત્વો મિટાવી હૃદયની શાન્તિ થાય તેવાં સંમેલનો જોઇએ છે. અત્યારની સંમેલન ભરવાની પદ્ધતિ તો અણસમજુ તેમજ બાવરા બનેલાઓની સંતાકુકડી જેવી રમત છે.

---

સાધુઓ પણ સમજી શકતા નથી કે અમારે શા માટે મળવાનું છે ! હું આ. નીતિસૂરિને મળ્યો. તેઓએ કહ્યું કે નગર શેઠ આવ્યા અને કહ્યું કે મહારાજ સંમેલનમાં પધારજો. બીજી કાંઇ પણ વાતચીત થઇ નથી. આમ અંધારામાં સાધુઓને રાખીને તેઓ સંમેલન કેમ સફળ બનાવશે એ હું સમજી શકતો નથી. છતાં હું તો મારા વિચારો જાહેરમાં અને પેપરોમાં ખુલ્લી રીતે પ્રગટ કરૂં છું.

આ સાધુ સંમેલનને સફળતાપૂર્વક પાર પાડવા અને સમાજમાં સાચી શાન્તિ સ્થાપવા ઇચ્છતા હોય એવા તેના કાર્યકર્તાઓએ સમાજને અને સાધુઓને મળી તેમની વચમાં રહેલા વેર ભાવો કેમ નાબુદ કરી શકાય તે માટે પુરતો પ્રયાસ કરવો જરૂરી છે. ઘરમાં બેઠાં બેઠાં કોઇને મળ્યા સિવાય એની મેળે વેરભાવો, કદાગ્રહો દૂર નહિં થાય, માનવ સ્વભાવજ એવા પ્રયાસો માગે છે અને એ કર્યેજ છૂટકો છે. એવા ભાવથી કરેલો પ્રયાસ જરૂર સફળ થશે. સંમેલન ભરવાનો ટાઇમ બે ચાર મહિના દૂર ઠેલાય તો હરકત નહિં પણ બધાના કદાગ્રહો મટી જઇ શુધ્ધતાથી સાધુ વર્ગને હાલ શું યોગ્ય છે તે વિચારી શકે એવી ભૂમિકા તૈયાર થઇ જવી જોઇએ. સ્થા. ભાઇઓના સાધુ સંમેલન માટે જે જહેમત, જે સેવાભાવ અને જે અડગ નિશ્ચયતા ભાઇ દુર્લભજી ઝવેરીએ બતાવી હતી તેવા સેવાભાવી ભાઇઓએ બહાર આવવાની જરૂર છે. લાંબુ થયું છે એટલે વધુ હવે પછી-લખીશ.

તા. ૬ અમદાવાદથી અતરે આવીને હું રા. મોતીચંદભાઇને મળ્યો હતો અને તેઓ પાસે આ. નેમિસૂરિ અને આ. વિજય વલ્લભસૂરિને ભેગા થવા બાબત ખુલાશો પૂછતાં તેઓશ્રીએ નીચે મુજબ ખુલાશો કર્યો છે, "હું આ. નેમિસૂરીને મળ્યો તે વખતે આ. વલ્લભ વિજયજી તો વઢવાણ સુધી પહોંચી ગયા હતા એટલે બેઉને સાથે મળવાનો પ્રસંગ હતોજ નહિ. બાકી તો નેમિસૂરિને સંમેલન સફળ બનાવવા માટે ઘણી ઉપયોગી સુચનાઓ મેં કરી છે. ઉપરાંત ચોક્કસ કાર્યક્રમ સમાજની જાણ માટે બહાર પાડવા સૂચવ્યું છે. એમ કર્યાં સિવાય તો સંમેલન સફળ થવાનું મને અશક્ય લાગે છે. "એમ જણાવ્યું" છે."

# સા....મા....જી....ક....વા....ચૂ....રા

—કહેવાય છે કે આચાર્ય શ્રીનેમિસૂરિજીને કદંબગિરિ ઉપર મંદિર નગર વસાવવાનો દોહદ જાગવાથી જયપુર ત્રણ હજાર મૂર્તિઓનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને તેના સંબંધમાં ઉડતી અફવા છે કે મુનિ સંમેલનની આગેવાનીના મૂલ્ય તરીકેજ ઉપરોક્ત ઓર્ડર અપાયો છે કે જે મૂર્તિઓની અંજન શલાકા સૂરિજીના હસ્તક થશે અને તેના ઉપરના લેખમાં સૂરિજીનું નામ અમર થશે (?)

× × × ×

—પાટણ અને જામનગરના સંઘોના ઠરાવો મુનિ સંમેલન માટે ખૂબ બાધક બન્યા છે કારણ કે ઉપરોક્ત સંઘોએ સાગરજી, રામવિજયજી અને લબ્ધિ સૂરિ વગેરે સાધુઓનો વ્યવહાર કાપી નાખેલ છે. આ સંઘના ઠરાવોની ખૂબ અવગણના કરવામાં આવી. હવે છેલ્લી ઘડીએ એ ઠરાવો પાછા ખેંચી લેવરાવવાની ખૂબ દોડધામ થઇ રહી છે. શાસન સુભટો (?) અનેક કાવાદાવા અને છળ પ્રપંચ કરી રહ્યા છે. પાટણનાં મુંબઈઓ ત્હેને સફળ થવા દે તેમ લાગતું નથી.

× × × ×

—કહેવાય છે કે મુનિ સંમેલન સંબંધી આમંત્રણ પત્રિકાઓ તો છપાઇ ગઇ છે, પરંતુ એ આમંત્રણ પત્રિકા શાસન સુભટો (?) ની સીધી દેખરેખ નીચે તૈયાર થઇ હોઇ સમયવાદી સાધુ અને યુવકોની પ્રવૃત્તિને રૂંધવા સાધુ સંમેલનની જરૂર છે એવું છપાયેલ જોઇ કોઇ બુધ્ધિશાળી ભાઇએ એ આમંત્રણ પત્રિકા નહિં વ્હેંચવાની સલાહ આપી છે.

× × × ×

—કહેવાય છે કે અમદાવાદનું મુનિ સંમેલન એક પઢીત થશે કારણ કે આમંત્રિત કરનાર સદ્‌ગૃહસ્થો હજુ કોઇપણ આચાર્યને પ્રત્યક્ષ રીતે વિનંતિ કરવા ગયા હોય તેમ જાહેર થયું નથી. ખૂદ અમદાવાદમાં બિરાજતા સાધુઓનો પણ એ બાબત માટે ઉકળાટ છે.

× × + +

—કહેવાય છે કે મુનિ સંમેલન ભરવાની અત્યારે શું જરૂર છે? સાધુ સાધુમાં આજે વિખવાદની આગ જલી રહી છે, યુવાનો સ્હામે મોરચા માંડનાર સાધુનાં સંમેલનથી સમાજને શું લાભ થવાનો હતો? કેવળ આવા આર્થિક બેહાલીના ટાઇમમાં સમાજના ચાર પાંચ લાખ રૂપીઆનું પાણી થશે.

+ × × ×

—સંભળાય છે કે ખૂદ અમદાવાદના શ્રી સંઘમાં પણ મુનિ સંમેલન માટેનો સખ્ત વિરોધ છે. જ્યારે સમાજમાં મોટા મતભેદો ઉભા થયા હોય, સમાજ જુદી જુદી છાવણીમાં વિભક્ત થયો હોય અને સંઘ સત્તાની અવગણના કરવામાં આવતી હોય ત્યાં આવા સંમેલનોથી કશો અર્થ સરવાનો નથી. નગરશેઠ કસ્તુરભાઇએ અમુક વ્યક્તિઓનો સહકાર સાધી વ્યક્તિગત આ સંમેલન ભરવાની જાહેરાત કરી છે, ત્યારે પછી પણ ખૂબ મુશ્કેલીઓ ઉભી થવા લાગી છે, કે જે સંઘના સહકાર વગર ટળવી મુશ્કેલ છે.

× × × ×

—કહેવાય છે કે અમદાવાદના મુનિ સંમેલનમાં રૂઢિ ચુસ્તોના પક્ષના લગભગ તમામ સાધુઓને એકત્રિત કરવાની દોડધામ થઇ રહી છે, કોઇ રાધનપુર દોડે છે તો કોઇ સુરત તરફ પગલાં માંડે છે. પરંતુ રૂઢિ ચુસ્તોમાં પણ ખૂબ મતભેદ છે. સાગરજી અને દાનસૂરિ વચ્ચે ખૂબ વિખવાદ વધ્યો હોય તેમ વાતાવરણ ઉપરથી જણાય છે. રામવિજયજી અને દાનસૂરિમાં પણ વિખવાદ હોવાનું બહાર આવ્યું છે.

× × × +

—હમણાં હમણાં પ્રભુની મૂર્તિઓને બદલે ગુરૂની મૂર્તિઓ અને પોતાની મૂર્તિઓ કરાવવાનો સાધુઓને મોહ લાગ્યો છે. આ વાયરો દરેક સાધુઓમાં ફેલાતો જાય છે. પરિણામે દરેક ગામમાં આવી મૂર્તિઓનો રાફડો ફાટશે એમ જણાય છે. યુગ પ્રવાહને નહિ સમજનારા આવા કીર્તિમોહી અને લાલચુ સાધુઓ (!) માટે સમાજે શા માટે વિચાર ન કરવો જોઇએ?

× × × ×

—કહેવાય છે કે આ. વલ્લભસૂરિનો ભાવનગરમાં જે દિવસે પ્રવેશ મહોત્સવ હતો, ત્હેને આગલે દિવસે આ. નેમિસૂરિ પોતાના ખડીયા પોટલા બાંધી ઘોઘા તરફ કુચ કરી ગયા હતા. શા માટે શ્રી નેમિસૂરિએ શ્રી વલ્લભસૂરિને મુલાકાત નહિં આપી હોય? તે માટે અનેક તર્ક વિતર્ક થઇ રહ્યા છે. કોઇ આ. નેમિસૂરિ રૂઢિ ચૂસ્તોની જાળમાં સપડાયેલ હોવાથીજ આમ બન્યું હશે એમ કલ્પી રહ્યા છે. સાચું ખોટું જ્ઞાની જાણે.

× + × +

ચપશ્વલ

૨ જા પાનાનું ચાલુ

પણ એ સમાજમાંનો એક છે. તેણે નગ્ન દ્દષ્ટિથી હાલની ધાર્મિક પદ્ધતિ અને તેના અધિકારીઓને ખૂબ કરી જોયા છે. ત્હેમાં ત્હેને ઉપરોક્ત બન્ને બાબતો સમાજની પ્રગતિને બાધક છે, એમ જણાયું છે, એટલે ત્હેનો સજ્જડ વિરોધ કરી રહ્યો છે. ત્હેનું સ્થાન કે જે જૂની માન્યતાઓ અને રૂઢિઓ ઉપર નિર્ભર છે. ત્હેને તોડી રહ્યો છે અને તેથી ધર્મના અધિકારીઓ કે જેમનો અંગત સ્વાર્થ જોખમાઇ રહ્યો છે, સ્થાન ભ્રષ્ટ થવાની અણી આવી રહી છે; ત્હેની સ્હામે ગુંડીવાદનો આશ્રય લઇ તેઓ તરફથી આ બધી પેરવીઓ થઇ રહી છે. ધર્મના નામે વર્ષો સુધી જે સાર્વભૌમત્વ અજ્ઞાનજનતા ઉપર ભોગવ્યું છે. ત્હેના રક્ષણ માટેજ આ બધી તૈયારીઓ થઇ રહી હોય એમ માનવાને અનેક કારણો છે. યુવકોએ આ પડકાર ઝીલવોજ પડશે. મરતી સાધુશાહીનો આ છેલ્લો પ્રયત્ન છે, અને યુવકોએ એ પ્રયત્નને નિષ્ફળ બનાવવા માટે કટિબધ્ધ થવું જોઇએ.

યુગના...પ્રધાન...નાદો—




**ઓસરતી સત્તા.**

ધર્માધ્યક્ષોની સત્તાનાં નીર ઓસરવા માંડ્યાં છે, એમની આંધળી મોહિનીનાં તેજ ફીકાં પડતાં જાય છે; એમને 'સર્વસ્વ' માનવાની વૃત્તિઓ વિજળીની ત્વરાએ સાફ થતી જાય છે; એમની પ્રત્યેનો ભક્તિભાવ પાણીના પરપોટાની જેમ સમીજવા લાગ્યો છે; અને એમના ચશ્માઓથી જોવાને ટેવાયેલો જન સમુહ હવે મુક્તિ માગે છે......કારણ આજનો ધર્માધ્યક્ષ 'જગતનો તારણહાર' મટી ચુક્યો છે; ધર્મની પ્રતિષ્ઠાનો 'રખવાળ' એ હવે નથી રહ્યો, 'ધર્મ સમ્રાટ' તરીકે રાજ્ય ચલાવવાની શક્તિઓ એ હવે નથી ધરાવતો, અને ધર્મ અને સમાજ એકી સાથે જ્વલંત વર્તે એ ઉમદા ભાવનાઓ એના જીવનમાંથી શોધી નથી જડતી.

**આજે એ ક્યાં છે?**

ધર્મના ઓઠાં નીચે સમાજમાં હજારો બાળકોને શક્તિ વિહોણાં અને પ્રકાશ વિહોણાં કરતો એ લાગે છે, અનેક અગમ્ય ભાવો સાથે સંસાર કિનારે પગ મુકતાં નરનારીઓને અંધ શ્રદ્ધા અને અંધ ભક્તિના ચશ્માઓ ચડાવતો એ દેખાય છે, સમાજનાં લાખો નરનારીઓના જીવનસુખ ભોગે સમાજનું અહળક દ્રવ્ય જુનવાણી સ્વરૂપોને પોષવામાં અને કેવળ એની પ્રતિષ્ઠા અને એની મહત્તા વધારતાં કાર્યોમાં પાણીની જેમ વપરાતું લાગે છે. એટલે કે સમાજના આત્માને પ્રાણ વિહોણો કરી મુકતાં લગભગ તમામ જુનવાણી સ્વરૂપોનો એ પ્રેરક લાગે છે...... સમાજના વર્તુળો અને પેટા ભેદો પાડવામાં કે ચેલા ચેલીઓ મુંડવાની ભયંકર ક્ષુધામાં એ એની શક્તિઓને સમાવી દેતો લાગે છે. એ એની સત્તા, એની લોભ વૃત્તિને વિકસાવવા પ્રતિપળે સર્વ શક્તિઓનો વ્યય કરતો લાગે છે ને આમ જનસમુહના પીડિતોની મોરલીએ નાચી સમાજ જીવનને ખાખ કરતો લાગે છે.

**એમને હક્ક નથી.**

એટલે એ ધર્માધ્યક્ષને હવે જનસમુહની વતી શબ્દ પણ ઉચ્ચારવાનો હક્ક નથી; જનસમુહના કલ્યાણ માટે એ જીવન જીવે છે એમ પોકારવા, ધર્મગુરૂઓથી ત્રાસી ઉઠેલો જનસમુહ ના પાડે છે; ધર્મ અને સમાજનું એ રક્ષણ કરે છે એ સાંભળવા આજનો જનસમુહ હવે તૈયાર નથી, અને પરિધાન કરેલ વેષ વંદનીય છે એ રીતે જોઇ એને ચલાવી લેવા આજનો જનસમુહ સાફ ના પાડે છે.

**એ ન જોઇએ.**

જે ધર્મગુરૂઓ વિશાળ માનવ સમુદાયમાં સુખશાન્તિનું સામ્રાજ્ય ન પ્રવર્તાવી શકે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ યુગના વિચારોને ન જીરવી શકે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ વિકાસ અને પ્રગતિના માર્ગોને અવરોધે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ સત્તા, પદવી અને લોભના કીચડમાં ખુંચ્યા રહે એ ધર્મગુરૂઓ ન જોઇએ; જે ધર્મગુરૂઓ વિશ્વબન્ધુત્વની પ્યારી ફોરમો ન ઉડવા દે એ ધર્મગુરૂઓ ન જોઇએ; અને જે ધર્મગુરૂઓ અહિંસાના સાચા પ્રવર્તકો ન બની રહે એ ધર્મગુરૂઓ ન જોઇએ.

**મુંગો પોકાર.**

પુરાણાયુગમાં રચાએલી સ્મૃતિઓની જાળમાં ફસાવાના દિવસો હવે વહી ચુક્યા છે; વીરલ આત્માઓને નામે ચડેલાં દંભ, છેતરપીંડી અને અજ્ઞાનતાનાં અંધારણાં હવે નાબુદ થતાં જાય છે. અને અંધ શ્રધ્ધા અને અંધ ભક્તિનાં પડળો હવે વિખરાતાં જાય છે. આજનો જન સમુહ સાફ શબ્દોમાં મુંગી રીતે પોકાર કરે છે:—"તમે શાન્ત રહો. **અમને અંદર અંદર લડાવી ન મારો. બહારની દુનિયામાં અમારી પ્રતિષ્ઠા અમને જાળવવા દો. અમને હવે આગે કદમ માંડવા દો. અમારે તમારી આજે જરૂર નથી. તમારા આત્મામાં પ્રવેશો. તમારી સર્વ શક્તિઓ ખીલવો અને પછીજ અમારા સાચા તારણહાર તરીકે રણ મેદાને આવો.**

## "તું પણ? બ્રુટસ!"

સુપ્રસિદ્ધ સરદારશિરોમણી જુલિયસસીઝર રોમનસલ્તનતનો સર્વ સત્તાધીશ બન્યો ત્યારે તેને નિર્મૂળ કરવાની કેટલાક ઇર્ષ્યાળુ સત્તાધિકારીઓ ખટપટ કરવા લાગ્યા અને રોમન રાજ્ય સભા અમુક દિવસે મળે ત્યારે સૌએ સાથે મળીને તેના ઉપર કાતિલ હુમલો કરવાનું એક મોટું કાવત્રું તેઓએ રચ્યું. આ કાવત્રામાં જુલિયસ સીઝરનો પરમ મિત્ર બ્રુટસ પણ સામેલ થયો. રાજસભા મળી; કાવત્રાખોરોએ એકાએક સીઝરના શરીર ઉપર ખંજરોનો હલ્લો કર્યો; સીઝર સૌ કોઇના પ્રહાર ઝીલતો ટટ્ટાર ઉભો રહ્યો પણ છેવટે જ્યાં બ્રુટસ કે જેને તે પોતાનો પરમ મિત્ર અને સાચા દિલનો સાથી ગણતો હતો તેને પણ પોતાના શરીરમાં ખંજર ભોંકતો દીઠો કે તરતજ તે બુમ પાડી ઉઠ્યો કે 'તું પણ! બ્રુટસ!' અને એકાએક તે ધરતિ ઉપર ઢળી પડ્યો.

આજે શ્રી વિજયવલ્લભસૂરિ સુધારકના સાથી અને નવી કેળવણીના પક્ષકાર મનાય છે; તેમણે અનેક સ્થળોએ આધુનિક કેળવણી લેવાની સગવડો આપનારી સંસ્થાઓ સ્થાપી છે; તેઓ મોટાં જમણવારો, મહોત્સવો અને ઉજમણાંના વિરોધી તરીકે જગજાહેર છે, કાળની કોઇ એવી વિચિત્ર ઘટના બની રહી છે કે ઝવેરી નગીનદાસ ઘેલુભાઇ તરફથી પાલણપુરમાં મહા સુદ ૧ ના દિવસથી એક મહાન ઉદ્યાપનમાં આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૨૫૦૦૦ નો ખર્ચ થવા સંભવ છે. આ ઉદ્યાપનના પુરોહિત તરીકે ભાગ લેવા માટે પાલીતાણાથી શ્રી વિજયવલ્લભસૂરિ કેટલાક દિવસ પહેલાં નીકળી ચુક્યા છે અને 'ડબલ વિહાર' કરીને પણ તેઓ વખતસર પાલણપુર પહોંચી જવા વકી છે.

શ્રી વિજયનેમિસૂરિ કે સાગરાનંદજી, રામવિજયજી કે વિજયલબ્ધિસૂરિનું આવા પ્રસંગે અધિષ્ઠાન હોય તો તે કલ્પી શકાય તેમ સમજી પણ શકાય. પણ વિજયવલ્લભ સૂરિ પણ આવા મહોત્સવના સુત્રધાર બને તે જોઇને વિચારક દુનિયા આશ્ચર્યથી ચમકી ઉઠે અને બુમ પાડી ઉઠે કે 'મહારાજ, આપનો પણ આવામાં સહકાર?' આ સર્વ જોઇને સુધારક વર્ગ સાધુ જગત વિષે રડી ઉઠે છે અને સવિશેષ ખિન્ન પામે છે કે આજે સામાજિક પરિવર્તન નિપજાવવાની તાકાત સાધુમાં નથી—માત્ર શ્રાવકમાંજ છે. લોકાભિપ્રાયથી સૌથી વધારે ડરતું પ્રાણી જૈન સાધુ છે. જૈન સાધુમાં અહિંસા છે. પણ બળ નથી. ત્યાગ છે પણ નિડરતા નથી. સંસાર છોડ્યો છે પણ સમાજ સંપ્રદાયની ગુલામગીરી ચાલુજ છે. સાધુ વર્ગની આવી મર્યાદિત તાકાત ધ્યાનમાં લઇને આ બનાવ ઉપરથી સાધુવર્ગનો કોઇપણ નવવિચારને ટેકો હશે તો પણ તે ટેકો પાંગળોજ હોવાનો, એટલો ધડો આપણે લઇએ તો બસ છે.

તા૦ ૧૨-૧-૩૪ }
મુંબઇ }

પરમાણંદ


આ પત્ર મોહનલાલ પાનાચંદ શાહે પ્રવીણસાગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપી શ્રી જૈનયુથ સીન્ડીકેટ માટે કરીવાણાનાકા તુલસી ભુવન, પહેલે માળે મુંબઇ નં. ૩ તરુણ જૈન ઓફીસમાંથી પ્રગટ કર્યું.